


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 095
Dt.: 09-02-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### અમેરિકન અધિકારીઓએ તારીખ સાથે દાવો કર્યો

# ગલવાનમાં ભારત સાથે અથડામણ પછી ચીને પરમાણુ પરીક્ષણો કર્યા હતા

## પૂર્વી લદાખની ગલવાન ખીણમાં જૂન ૨૦૨૦માં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી, જેમા ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

પૂર્વી લદાખની ગલવાન ખીણમાં જૂન ૨૦૨૦માં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઘાતક અથડામણ થઈ હતી, જેમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા અને ૩૦થી વધુ ચીનના સૈનિકો મૃત્યુ પામ્યા હતા. આ ઘટનાના થોડા દિવસ પછી ચીને ગુપ્ત પરમાણુ પરીક્ષણો કર્યા હોવાનો ગંભીર આરોપ અમેરિકાએ લગાવ્યો છે. અમેરિકાએ કહ્યું છે કે, ચીને વૈશ્વિક નજરથી બચવા માટે અદ્યતન 'ડીકપ્લિંગ' ટેકનિકનો ઉપયોગ કરીને પરમાણુ પરીક્ષણો કર્યા હતા. અમેરિકાના આવા આરોપને લીધે ચીન અને અમેરિકા વચ્ચેનો તણાવ વધી ગયો છે.

૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ જિનીવામાંનિવામાં યોજાયેલી 'નિઃશસ્ત્રીકરણ પરિષદ'માં અમેરિકાના અંડર સેક્રેટરી થોમસ ડીનાનોએ જણાવ્યું હતું કે, અમેરિકાની ગુપ્તચર એજન્સીઓને એવી માહિતી મળી છે કે ગલવાન અથડામણ પછી ચીને પરમાણુ પરીક્ષણોની તૈયારી કરી હતી અને ૨૨ જૂન, ૨૦૨૦ના રોજ એક yield-producing test પણ કર્યો હતો. આ માટે ચીને 'ડીકપ્લિંગ' નામની પદ્ધતિ અપનાવી, જેથી ભૂકંપ સંકેતો દ્વારા આવા વિસ્ફોટોની ઓળખ કરવી મુશ્કેલ બની જાય.

ડીકપ્લિંગ એ એવી પદ્ધતિ છે જેમાં ભૂગર્ભમાં મોટું પોલાણ કરીને એની અંદર વિસ્ફોટ કરાય છે, જેથી વિસ્ફોટથી ઉત્પન્ન થતા ભૂકંપીય તરંગો ઓછા અનુભવાય. આ રીત અજમાવવાથી પરમાણુ પરીક્ષણો છુપાવવાનું સરળ બની શકે છે, કેમ કે આંતરરાષ્ટ્રીય દેખરેખ પ્રણાલીઓ માટે આવા પરીક્ષણો શોધવા મુશ્કેલ બની જતા હોય છે.

ચીને અમેરિકાના આરોપોને નકારી કાઢતા જણાવ્યું હતું કે, ચીન હંમેશાં પરમાણુ બાબતમાં જવાબદારીપૂર્વક વર્તે છે. ચીનના રાજદૂતે અમેરિકા પર 'ચીનના પરમાણુ ખતરાને વધારી-ચઢાવીને રજૂ કરવાનો પ્રયાસ' કરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે, વૈશ્વિક સ્તરે શસ્ત્ર સ્પર્ધાને વધુ ઉશ્કેરવાનું મુખ્ય કારણ અમેરિકાની નીતિઓ છે.



વિસ્ફોટક પરમાણુ પરીક્ષણો પર પ્રતિબંધ મૂકતી ૧૯૯૬ની 'વ્યાપક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ' એટલે કે કોમ્પ્રિહેન્સિવ ન્યુક્લિયર ટેસ્ટ બાન ટ્રિટી (CTBT) પર અમેરિકા અને ચીન બંનેએ હસ્તાક્ષર કર્યા છે, પરંતુ બંને દેશે તેને સત્તાવાર મંજૂરી આપી નથી. રશિયાએ શરૂઆતમાં સંધિને મંજૂરી આપી હતી, પરંતુ પછી પાછી ખેંચી લીધી હતી. વિશ્વમાં સૌથી વધુ પરમાણુ શસ્ત્રો ધરાવતા ત્રણ દેશો જ આ સંધિમાં સંપૂર્ણપણે સહભાગી ન હોવાથી વૈશ્વિક નિઃશસ્ત્રીકરણના પ્રયાસો અધકચરા રહી ગયા છે.

૨૦૧૦માં અમેરિકા અને રશિયા વચ્ચે થયેલી ન્યૂ START સંધિ બંને દેશોના તૈનાત પરમાણુ હથિયારો અને મિસાઈલોની સંખ્યા-મર્યાદા નક્કી કરતી હતી. સંધિ મુજબ દરેક દેશ માટે ૧,૫૫૦થી વધુ પરમાણુ વૉરહેડ અને ૭૦૦થી વધુ મિસાઈલ-લૉન્ચ સિસ્ટમ રાખવાની મર્યાદા નક્કી કરાઈ હતી. આ સંધિ વર્ષ ૨૦૨૧ પછી પાંચ વર્ષ માટે લંબાવવામાં આવી, પરંતુ ૨૦૨૩માં રશિયાએ તેની ભાગીદારી સ્થગિત કરી દીધી હતી, જેના કારણે પણ વૈશ્વિક પરમાણુ નિયંત્રણ વ્યવસ્થા અંગે ચિંતા વધી ગઈ છે.

અમેરિકાનું કહેવું છે કે, 'ચીન ઝડપથી પોતાના પરમાણુ શસ્ત્રાગારનો વિસ્તાર કરી રહ્યું છે. તેની પાસે હાલમાં અંદાજે ૬૦૦ શસ્ત્રો છે અને ૨૦૩૦ સુધીમાં તેની પાસે ૧,૦૦૦થી વધુ પરમાણુ હથિયારો હોઈ શકે છે. ચીનને બહાર રાખીને અમેરિકા અને રશિયા વચ્ચે કરવામાં આવતા કરારો હવે પ્રાસંગિક નથી, કારણ કે વૈશ્વિક પરમાણુ સંતુલનમાં ચીનની ભૂમિકા ઝડપથી વધી રહી છે.' તેથી અમેરિકા ઈચ્છે છે કે પરમાણુ નિયંત્રણ માટેના કોઈપણ નવા કરારમાં ચીનને પણ સામેલ કરવું જોઈએ.

અમેરિકાનો પ્રસ્તાવ ફગાવી દેતાં ચીન સ્પષ્ટ કહી ચૂક્યું છે કે, હાલમાં તે અમેરિકા અને રશિયા સાથે નવી પરમાણુ નિયંત્રણ વાટાઘાટોમાં જોડાવા તૈયાર નથી. તેના હથિયારોની સંખ્યા અમેરિકા (અંદાજે ૫૦૦૦) અને રશિયા (અંદાજે ૫૫૦૦) કરતાં ઘણી ઓછી છે, તેથી ચીન સમાન મર્યાદા માટે તૈયાર નથી. આવી મડાગાંઠ સર્જાઈ હોવાથી દુનિયામાં નવી શસ્ત્ર સ્પર્ધા શરૂ થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ગલવાન ઘર્ષણ પછીના થોડા જ દિવસોમાં ચીને પરમાણુ પરીક્ષણ કર્યાના અમેરિકન દાવાને કારણે સમયનો મુદ્દો ખાસ ચર્ચામાં રહ્યો છે. કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે જો ચીને ખરેખર પરમાણુ પરીક્ષણ કર્યું હોય, તો એ તેનું લાંબા આયોજનનું પરિણામ હોઈ શકે છે, કેમ કે પરમાણુ પરીક્ષણો કંઈ રાતોરાત થતાં નથી, એના માટે ખાસ્સી પૂર્વતૈયારી કરવી પડે છે. તો નિષ્ણાતોનો એક વર્ગ માને છે કે ગલવાન સંઘર્ષ તરફ આખી દુનિયાનું ધ્યાન દોરાયું હોવાથી ત્યારે પરમાણુ પરીક્ષણ કરીને એને ગુપ્ત રાખવાની ચાલ ચીને સફળતાપૂર્વક ચાલી હોય એવું બની શકે.

પરમાણુ સંધિઓની અનિશ્ચિતતાને પરિણામે વિશ્વમાં ફરી શસ્ત્રદોડ શરૂ થવાનો ખતરો વધી ગયો છે. અમેરિકા, રશિયા અને ચીન વચ્ચે વિશ્વસનીય અને ચકાસણી યોગ્ય પરમાણુ નિયંત્રણ વ્યવસ્થા બનાવવી હવે વધુ જરૂરી બની ગઈ છે. એમ નહીં થાય તો શસ્ત્ર સ્પર્ધા બેફામ બનીને વૈશ્વિક સુરક્ષાને જોખમાવી દેશે. જે દેશો અત્યાર સુધી પરમાણુ રાષ્ટ્ર નથી બની શક્યા એ દેશો પણ પરમાણુ તાકાત મેળવવાની દોડમાં કૂદી પડશે.

### ફ્રી ઈ-વીઝા, કોમર્શિયલ એમ્બેસી...

# મલેશિયા પ્રવાસ દરમિયાન PM મોદી અને PM અનવર વચ્ચે ડીલ

### વેપાર, સુરક્ષા અને ટેકનોલોજી સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ મલેશિયાના પ્રવાસે છે. રવિવારે (આઠમી ફેબ્રુઆરી) તેમણે મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં બંને દેશોએ વેપાર, સુરક્ષા અને ટેકનોલોજી સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદીએ આ મુલાકાતને ભારત-મલેશિયા સંબંધો માટે એક નવી ઊંચાઈ ગણાવી છે. સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીએ જણાવ્યું કે, બંને દેશો વચ્ચે આર્થિક અને ડિજિટલ ભાગીદારી મજબૂત કરવા પર સહમતી બની છે. સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડિજિટલ ટેકનોલોજી અને બાયોટેકનોલોજીમાં સાથે મળીને કામ કરવા નિર્ણય લેવાયો છે. મલેશિયામાં વસતા ભારતીયોની સુવિધા માટે ભારત ત્યાં એક નવું કોન્સ્યુલેટ (દૂતાવાસની કચેરી) ખોલશે. આ ઉપરાંત મલેશિયામાં હવે ભારતીય પર્યટકો માટે UPI ડિજિટલ ઈન્ટરફેસ ઉપલબ્ધ થશે, જે નાણાકીય વ્યવહારને અત્યંત સરળ બનાવશે. મલેશિયામાં વસતા ૩૦ લાખથી વધુ ભારતીય ડાયસ્પોરાને પીએમ મોદીએ મોટી તાકાત ગણાવી હતી. નાગરિકોની સુવિધા માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમ કે, બંને દેશો વચ્ચે પ્રવાસન વધારવા માટે મફત ઈ-વીઝાની સુવિધા. મલેશિયામાં કામ કરતા ભારતીય શ્રમિકોના રક્ષણ માટે સામાજિક સુરક્ષા કરાર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી એક્સચેન્જ અને સ્ટાર્ટઅપ કનેક્ટ દ્વારા યુવાનો માટે નવી તકો ઊભી કરવામાં આવશે.

પીએમ મોદીએ મલેશિયાને ASEANના સફળ અધ્યક્ષપદ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર આજે વિશ્વના વિકાસ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે અને ભારત-મલેશિયા સાથે મળીને આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે કામ કરશે.

### સિંધુ બાદ પાકિસ્તાનને વધુ એક ઝટકો

# ચિનાબ નદી પર હાઈડ્રો પ્રોજેક્ટ માટે ભારત સરકારે ટેન્ડર જાહેર કર્યું

### NHPC એ અંદાજે રૂ.૫,૧૨૯ કરોડ ના ખર્ચે તૈયાર થનારા સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારે પાકિસ્તાન સાથેના જળ વિવાદ અને સિંધુ જળ સંધિ (IWT) ના તણાવ વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી મામલે એક મોટો વ્યૂહાત્મક પ્રહાર કર્યો છે. NHPC એ અંદાજે રૂ.૫,૧૨૯ કરોડ ના ખર્ચે તૈયાર થનારા સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

NHPC દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડર મુજબ, આ આખો પ્રોજેક્ટ એક જ પેકેજ હેઠળ તૈયાર કરવામાં આવશે. જેમાં ડાઈવર્ઝન્ટ ટનલનું નિર્માણ, કોફર ડેમ, માંડિયા નાલા ડીટી અને ડેમ સાથે જોડાયેલા તમામ સહાયક કાર્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાઈટ બેંક સ્પાઈરલ ટનલ અને એક્સેસ ટનલ જેવા જટિલ એન્જિનિયરિંગ કાર્યો પણ આ પેકેજમાં આવરી લેવામાં આવ્યા છે.

સિંધુ જળ સંધિને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ખેંચતાણ ચાલી રહી છે. ચિનાબ નદી પર ભારત જે રીતે એક પછી એક હાઈડ્રો પ્રોજેક્ટ્સ (જેમ કે રાતલે અને સાવલકોટ) ને મંજૂરી આપી રહ્યું છે, તેનાથી પાકિસ્તાનને ભવિષ્યમાં પાણીની અછતનો ડર સતાવી રહ્યો છે. નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટ જમ્મુ-કાશ્મીરની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત ભારતની પાવર ગ્રીડને વધુ મજબૂત બનાવશે અને જળ સંસાધનોના બહેતર ઉપયોગની દિશામાં મોટું કદમ સાબિત થશે.

# NEET UG 2026 ની પરીક્ષાની તારીખ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) UG 2026 માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. રસ ધરાવતા ઉમેદવારો હવે સત્તાવાર વેબસાઈટ neet.nta.nic.inની મુલાકાત લઈને અરજી કરી શકે છે. ઉમેદવારો ક્રેડિટ/ડેબિટ કાર્ડ, નેટ-બેંકિંગ અથવા UPI દ્વારા ફી ચૂકવી શકે છે.

ફીની ચુકવણી માટેની છેલ્લી તારીખ આઠમી માર્ચ, ૨૦૨૬, રાત્રે ૧૧:૫૦ વાગ્યે છે. જો અરજીમાં કોઈ સુધારાની જરૂર હોય, તો સુધારા પ્રક્રિયા ૧૦મી માર્ચ, ૨૦૨૬થી ૧૨મી માર્ચ, ૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે.

પરીક્ષાની તારીખ ત્રીજી મે, ૨૦૨૬ છે અને તેનો સમયગાળો ૩ કલાક રહેશે. પરીક્ષાનો સમય બપોરે ૨:૦૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધીનો છે. પરીક્ષા દેશભરની ૧૩ ભાષાઓમાં લેવામાં આવશે. આ ભાષાઓમાં આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂનો સમાવેશ થાય છે.

કેવી રીતે અરજી કરવી?

- સૌપ્રથમ, NTA NEETની સત્તાવાર વેબસાઈટ, neet.nta.nic.inની મુલાકાત લો.
- હોમપેજ પર 'New Registration' પર ક્લિક કરો.
- સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો અને 'આગળ વધો' પર ક્લિક કરો.
- અરજી નંબર અને પાસવર્ડ જનરેટ કરવા માટે જરૂરી વિગતો ભરો.
- લોગિન કરો અને વ્યક્તિગત વિગતો, શૈક્ષણિક લાયકાત અને પરીક્ષા શહેર પસંદગીઓ સહિત અરજી ફોર્મ ભરો.
- બધા જરૂરી દસ્તાવેજો અપલોડ કરો.
- અરજી ફી ચૂકવો અને ફોર્મ સબમિટ કરો.
- ભવિષ્યના સંદર્ભ માટે ભરેલા ફોર્મનું પ્રિન્ટઆઉટ રાખો.

અરજી માટેના જરૂરી ડોક્યુમેન્ટ

- ઉમેદવારોએ પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ પછી લેવાયેલા તેમનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવો આવશ્યક છે.
- સહી અપલોડ કરો. ડાબા અને જમણા હાથના ફિંગરપ્રિન્ટ્સ અને અંગૂઠાના છાપની સ્કેન કરેલી તસવીર અપલોડ કરો.
- નાગરિકતા પ્રમાણપત્ર અપલોડ કરો (જો લાગુ હોય તો).
- સામાજિક શ્રેણી પ્રમાણપત્ર/અરજીનુંપ્રમાણપત્ર અપલોડ કરો (જો લાગુ હોય તો).
- CGPA/ગ્રેડને ટકાવારીમાં રૂપાંતરિત કરવા માટે ધોરણ ૧૦ ની માર્કશીટ અને પાસિંગ પ્રમાણપત્ર અથવા સમકક્ષતા પ્રમાણપત્ર અપલોડ કરો, જેમાં સાચી જન્મ તારીખ હોય.
- જ્યાં લાગુ હોય ત્યાં PwBD/PwD પ્રમાણપત્ર અપલોડ કરવું પણ ફરજિયાત છે.

### રાજસ્થાન હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

# નીચ કહી દેવાથી ન લાગી શકે એસસી/એસટી એક્ટ

### કોઈ વ્યક્તિને નીચ જેવા સામાન્ય અપમાનજનક શબ્દ કહી દેવાથી માત્ર એસસી/એસટી એક્ટ ઓટોમેટિક લાગૂ થતો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

રાજસ્થાન હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું કે કોઈ વ્યક્તિને નીચ જેવા સામાન્ય અપમાનજનક શબ્દો કહી દેવાથી એસસી/એસટી (અત્યાચાર નિવારણ) એક્ટ ઓટોમેટિક લાગૂ થતો નથી. જસ્ટિસ વીરેન્દ્ર કુમારે સ્પષ્ટ કર્યું કે આ કાયદો ત્યારે લાગૂ થાય છે, જ્યારે તે સાબિત થાય છે કે અપમાન ખાસ કરી જાતિના આધારે કરવામાં આવ્યું હતું અને આરોપીને પીડિતની જાતિની જાણકારી હતી. આ મામલો વર્ષ ૨૦૧૧મા આઈઆઈટી જોધપુરથી જોડાયેલા એક વિવાદ સંબંધિત છે. તે સમયે સરકારી અધિકારી અતિક્રમણની તપાસ માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તપાસ દરમિયાન કેટલાક લોકોએ તેમનો વિરોધ કર્યો અને કથિત રૂપથી નીચ અને ભિખારી જેવા શબ્દો કહ્યાં. અધિકારીઓએ તેને જાતિગત અપમાન માનતા એફઆઈઆર દાખલ કરાવી અને એસસી/એસટી કાયદાની કલમની સાથે આઈપીસીની કલમ પણ જોડવામાં આવી હતી. આરોપીઓએ કોર્ટમાં અરજી આપતા કહ્યું કે તેમને અધિકારીઓની જાતિ વિશે જાણકારી નહોતી અને બોલવામાં આવેલા શબ્દો જાતિનો સંકેત આપતા નથી. તેમણે તે પણ કહ્યું કે ઘટના સમયે કોઈ સ્વતંત્ર સાક્ષી હાજર નહોતા, તેથી તેને જાતિગત અપમાન ન ગણી શકાય.

હાઈકોર્ટેને સુનાવણી દરમિયાન કહ્યું કે ઉપયોગ કરેલા શબ્દ કોઈ વિશેષ જાતિ તરફ સંકેત નથી કરતા અને ન કોઈ એવા પૂરાવા છે કે આરોપીઓને અધિકારીઓની જાતિ વિશે જાણકારી હતી.

હાઈકોર્ટે કહ્યું કે એસસી/એસટી એક્ટ લગાવવા માટે જાતિ આધારિત અપમાનના સ્પષ્ટ અને મજબૂત પૂરાવા હોવા જરૂરી છે. આ આધાર પર કોર્ટે એસસી/એસટી એક્ટ હેઠળ લગાવવામાં આવેલા આરોપોને રદ્દ કરી દીધા. પરંતુ સરકારી કર્મચારીઓને ડ્યુટી દરમિયાન રોકવા અને તેમની સાથે ધક્કા-મુક્કી કરવા સંબંધિત આઈપીસીની કલમ રહેશે અને તે મુજબ આગળ કેસ ચાલશે.

# રશિયાની હોસ્ટેલમાં ૪ ભારતીય વિદ્યાર્થીઓ સહિત અનેક લોકો ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

રશિયામાં ભારતીય એમ્બેસીના જણાવ્યાં મુજબ રશિયાની ઉફા યુનિવર્સિટીમાં શનિવારે રાત્રે ૪ ભારતીય વિદ્યાર્થીઓ સહિત અનેક લોકો પર ચાકૂથી હુમલો કરવામાં આવ્યો. પીટીઆઈના અહેવાલ મુજબ રશિયાના બશ્કોર્તોસ્તાનની એક યુનિવર્સિટીમાં ચાકૂબાજીની આ ઘટનામાં ઓછામાં ઓછા ચાર ભારતીય સહિત ૬ લોકો ઘાયલ થયા છે. જેમાંથી એકની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે.

પ્રાથમિક અહેવાલો મુજબ એક સગીર રશિયાના બશ્કોર્તોસ્તાન ગણરાજ્યના ઉફામાં સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં પહોંચી ગયો અને ત્યાં રહેતા વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો જેમાં અનેકને ચાકૂના ઘા ઝીંક્યા. એક અહેવાલ મુજબ અહીંના ગૃહ મંત્રાલયના પ્રવક્તા મેજર જનરલ ઈરિના વોલ્કેને ટાંકીને કહેવાયું છે કે હુમલાખોરે ધરપકડનો વિરોધ કર્યો અને આ દરમિયાન બે પોલીસકર્મીઓને પણ ચાકૂ વાગ્યું. આ ઉપરાંત શંકાસ્પદ સગીરે પોતાની જાતને પણ નુકસાન પહોંચાડ્યું.

ભારતીય દૂતાવાસના જણાવ્યાં મુજબ ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત કેટલાક લોકો ઘાયલ થયા છે. દૂતાવાસે કહ્યું કે તેઓ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે અને કઝાન સ્થિત વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓ ઘાયલ વિદ્યાર્થીઓની મદદ માટે ઉફા રવાના થયા છે. રશિયાના ફેડરલ સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ હુમલામાં ઘાયલ ચાર લોકોને તબીબી સારવાર અપાઈ રહી છે. જેમાંથી એકની સ્થિતિ ગંભીર છે જ્યારે ૩ની સ્થિતિ જોખમ બહાર છે.

મોસ્કોથી લગભગ ૧૨૦૦ કિમી દૂર આવેલા બશ્કોર્તોસ્તાન રિપબ્લિકની રાજધાની ઉફામાં આ ઘટનાની ઉચ્ચ સ્તરે તપાસ શરૂ કરાઈ છે.

બાજા ટેલિગ્રામ ચેનલ મુજબ હુમલાખોરની ઓળખ ૧૫ વર્ષના એક કિશોર તરીકે થઈ છે. આ કિશોરે ચાકૂબાજી કેમ કરી અને તેને કોની સાથે શું વાંકુ પડ્યું હતું તે અંગે હજુ કોઈ માહિતી સામે આવી નથી. જો કે બાજા ચેનલે એવો દાવો કર્યો કે હુમલાખોર એક પ્રતિબંધિત નવ નાઝી સંગઠન સાથે જોડાયેલો હતો.

બાજા ટેલિગ્રામ ચેનલ મુજબ આ ઘટનામાં હુમલાખોર કિશોર પોતે પણ ઘાયલ થયો છે અને તેને બાળકોની હોસ્પિટલમાં ખસેડાયો છે અને તેની સ્થિતિ ગંભીર છે. હુમલા દરમિયાન આ હુમલાખોર કોઈ સૂત્રોચ્ચાર પણ કરી રહ્યો હતો.




# તંત્રી લેખ......

## ૨૦૨૫ના બજેટની ૬૦% રકમ નવ મહિને પણ ન વપરાઈ

સરકારે આ નાણાકીય વર્ષમાં પોતાની સૌથી મોટી યોજનાઓ પર ૪૦% બજેટ જ ખર્ચ કર્યું છે. આ એ યોજનાઓ છે જેના માટે લગભગ ૫૦૦ કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું હતું. આ યોજનાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સંયુક્ત રીતે ખર્ચ કરવાનો છે. આ યોજનાઓમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારો, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના સામેલ છે. આ ઉપરાંત મનરેગા અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના પર પણ ૪૦% જ ખર્ચ થયો છે. આમ ૨૦૨૫ના બજેટની ૬૦% રકમ ૯ મહિને પણ નથી વપરાઈ.

કુલ ૫૩ યોજનાઓમાંથી ૬ યોજનાઓ પર ૪૦%થી ઓછો ખર્ચ કરવામાં આવ્યો છે. ચાર યોજનાઓમાં ૪૦ થી ૫૦%, ૧૫ યોજનાઓમાં ૫૧ થી ૭૫%, ૧૦ યોજનાઓમાં ૯૦ થી ૧૦૦% અને ૬ યોજનાઓમાં ૧૦૦% ખર્ચ થયો છે. બાકીની ૪૭ યોજનાઓ પર રિવાઈઝ્ડ એસ્ટિમેટ બજેટ એસ્ટિમેટથી ઓછું છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે ૮૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જેમાંથી માત્ર ૧૫૦ કરોડ ખર્ચ થયા છે.

જો ૫૩ યોજનાઓ પર કુલ ખર્ચની વાત કરીએ તો તે ૩.૮ કરોડ રૂપિયા છે. આ યોજનાઓ માટે ૫ લાખ કરોડ રૂપિયાનું બજેટ જાહેર કરવામાં આવ્યું હતું. ૩૧ ડિસેમ્બર સુધીમાં ૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ રિલીઝ કરવામાં આવ્યું હતું, જે કુલ બજેટનો ૪૧.૨% ભાગ હતો. પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના, વોટર મેનેજમેન્ટ, પીએમ ઈ-બસ સેવા, ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન, જળ જીવન મિશન, કમ્પ્યુટરાઈઝેશન ઓફ પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી અને અન્ય ઘણી યોજનાઓ પર બજેટનો માત્ર ૪૦% ટકા ખર્ચ કરવામાં આવ્યો છે. આમાંથી ૬ યોજનાઓ એવી પણ છે જેના માટે માત્ર ૧૦% જ બજેટ રિલીઝ થયુ છે.

આ બજેટ સત્ર દરમિયાન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સીઆર પાટીલે શનિવારે જણાવ્યું હતું કે, દેશમાં જળ જીવન મિશન હેઠળ અત્યાર સુધીમાં ૧૬ કરોડ ઘરોને નળનું પાણી પૂરું પાડવામાં આવ્યું છે. પાટીલે અહીં કેન્દ્રીય બજેટ અંગે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમૃત સરોવર યોજના અને ત્નત્નસ્ ઐતિહાસિક સાબિત થઈ રહી છે અને અમૃત સરોવર યોજના હેઠળ દેશભરમાં ૬૯ હજારથી વધુ તળાવોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના કારણે ભૂગર્ભજળના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

તેમણે આગળ જણાવ્યું કે, ત્નત્નસ્ માટે ૬૭,૩૦૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં ૧૬ કરોડ ઘરોને નળ દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૪-૫ કરોડ વધુ ઘરોને પાણી પૂરું પાડવામાં આવશે તથા આ યોજનાને વર્ષ ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી છે.

આનાથી દેશની આશરે ૯ કરોડ માતાઓ અને બહેનોનો આશરે ૪.૫ કરોડ કલાકનો સમય બચ્યો છે. આ સાથે જ ૨૪ લાખ ૮૦ હજાર મહિલાઓને પાણીની ગુણવત્તા ચકાસવા માટે તાલીમ આપવામાં આવી છે અને ૮ લાખ મહિલાઓએ પોતાના રિપોર્ટ પરીક્ષણ પોર્ટલ પર અપલોડ કર્યા છે.

ભાજપના લાંબા શાસનથી જનતા આક્રોશમાં, ઝઘડીયામાં AAP તરફ લોકોનો ઝુકાવ: ચૈતર વસાવા

# ઝઘડીયામાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાની પરિવર્તન સભા યોજાઈ, હજારોની જનમેદની ઉમટી પડી, પરિવર્તનનો સંકેત







AAP ધારાસભ્ય ચૈતર વસાવાની ઉપસ્થિતિમાં ઝઘડીયા ખાતે વિશાળ "પરિવર્તન સભા" યોજાઈ હતી. આ પરિવર્તન સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાજપ કોંગ્રેસ સહિત અનેક સામાજિક આગેવાનો, નિવૃત્ત કર્મચારીઓ અને લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ સભામાં હજારોની સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી અને પરિવર્તનના સંકેત આપ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આજે બલેશ્વર ઝઘડીયા વિધાનસભામાં આમ આદમી પાર્ટીની પરિવર્તન સભા હતી અને આ સભામાં ભાજપ કોંગ્રેસ, બીટીપી સહિત સામાજિક સંગઠનો અનેક આગેવાનો, નિવૃત્ત અધિકારીઓ અને કાર્યકર્તાઓ AAPમાં જોડાયા છે એ તમામનું હું સ્વાગત કરું છું. અગાઉ કોંગ્રેસનું શાસન હતું ત્યારે પણ આ વિસ્તારમાં અલગ અલગ પ્રોજેક્ટના નામે આદિવાસી લોકોની જમીનો ગઈ હતી. હવે એ જ રીતે ભાજપે પણ અલગ અલગ પ્રદેશના નામે આ વિસ્તારના લોકોની જમીનોનું સંપાદન કરવાની તજવીજ હાથ ધરી છે. જેના કારણે લોકોમાં ખૂબ જ આક્રોશ છે. ભાજપના ત્રીસ વર્ષના શાસનમાં શિક્ષણનું સ્તર અહીંયા કથળી ગયું છે, સિંચાઈનું પાણી નથી મળતું, આ સિવાય રોજગારી અને આરોગ્ય જેવી બાબતોમાં પણ ભાજપ નિષ્ફળ સાબિત થયું છે અને એના આક્રોશને વ્યક્ત કરવા માટે હજારોની સંખ્યામાં આજે લોકો અહીંયા ઉપસ્થિત થયા હતા અને આ હજારો લોકોને ઉપસ્થિતિ બતાવે છે કે અહીંયા પરિવર્તન આવશે. હવે અહીંના લોકો અમારા વતી ચૂંટણી લડશે. અમારા જેવા નેતાઓ જો અવાજ ઉઠાવે તો અમારા પર ખોટી FIR કરવામાં આવે છે અને અમને જેલમાં નાખવામાં આવે છે. આ તમામ હેરાનગતિનો જવાબ જનતા લોકતાંત્રિક રીતે આપશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટી એકલા હાથે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓમાં જીતશે. નેત્રંગ વાલીયા ઝઘડિયા તાલુકા પંચાયતોમાં આમ આદમી પાર્ટીના પ્રમુખો બનવા જઈ રહ્યા છે. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ચંદ્રકાંતભાઈ વસાવા એક સેવાભાવી વ્યક્તિ છે અને અત્યાર સુધી એમણે પુરની પરિસ્થિતિ હોય, કોરોનાની પરિસ્થિતિ હોય, આવી તમામ કપરી પરિસ્થિતિઓમાં લોકોની મદદ કરી છે. એમણે ખૂબ જ મોટી સંખ્યામાં લોકોના લગ્ન પણ કરાવ્યા છે અને આજે અમારે આ વિસ્તારમાં કાર્યક્રમ કરવા માટે મેદાન જોઈતું હતું તો એમણે અમને મેદાન પણ અપાવ્યું છે. ભાજપના નેતાઓએ ચંદ્રકાંતભાઈને સવાલ પણ કર્યા કે “તેઓ શા માટે મેદાન આપી રહ્યા છે?” પરંતુ અમારું સ્પષ્ટ માનવુ છે કે ચંદ્રકાંતભાઈ કોઈ રાજકીય માણસ નથી પરંતુ સેવાભાવી માણસ છે માટે તેમણે ફક્ત સેવાના ભાગરૂપે આ મેદાન આપ્યું છે. કોઈપણ ધારાસભ્યે કે સાંસદે ન કર્યા હોય એટલા સેવાના કામ ચંદ્રકાંત ભાઈએ એકલાએ કર્યા છે. આજે આ કાર્યક્રમ માટે ગ્રાઉન્ડ આપ્યું છે એ બદલ અમે તેમનો આભાર પણ વ્યક્ત કરીએ છીએ.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, અબબબબબ અમારું સરકાર સામેનું સૂત્ર છે અને સાંસદે કહ્યું કે તેઓ અબબબબબનો વિરોધ કરે છે, તો તેઓ તો અગાઉ જોહારનો પણ વિરોધ કરતા હતા, અમે જ્યારે જય બિરસા મુંડા બોલતા હતા ત્યારે તેઓ તેનો પણ વિરોધ કરતા હતા. આજે અમે એમને જય આદિવાસી જય જોહાર અને જય બિરસા મુંડા બોલતા કર્યા છે અને હવે આવનાર દિવસોમાં લોકો જાગૃત થશે તો આ ભાજપનાનો લોકો સ્ટેજ પરથી અબબબબબ બોલવાના છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, હમણાં જેટલા પણ સર્વે આવી રહ્યા છે એમાં સ્પષ્ટ દેખાય રહ્યું છે કે ચૂંટણીમાં હવે ભાજપની સામે AAPની લડાઈ દેખાઈ રહી છે કોંગ્રેસ ક્યાંય પણ દેખાતી નથી. જે પણ લોકો જનતાને ગેરમાર્ગે દોરે છે એવા લોકોને હવે જનતા જાકારો આપશે. મહેશભાઈ વસાવાએ બીટીપી પાર્ટી બનાવી અને અમારા જેવા યુવાનો એ પાર્ટીમાં જોડાયા પરંતુ જ્યારે લડવાનો સમય આવે ત્યારે તેમણે ભાજપના ઈશારે નબળો ઉમેદવાર ઊભો રાખ્યો જેને ફક્ત ૩૦૦૦ મત મળ્યા હતા. ઝઘડિયામાં જ્યારે ભાજપે પ્રેશર કર્યું અને કહ્યું કે “પૈસા મળી જશે” તો એમણે પોતાના પોતાના પિતા એટલે કે છોટુભાઈ વસાવા સામે ફોર્મ ભર્યું. તો હવે આ મહેશભાઈ વસાવા ભાજપના અને મનસુખભાઈ વસાવાના કહેવાથી કોંગ્રેસમાં જોડાયા છે. તો જે વ્યક્તિ પોતાના પિતાના ન થયા એ બીજાના શું થશે?

૧ મહિના પછી થવાના હતા નિવૃત્ત

## SI જગદીશ પ્રસાદે પોતાનો જીવ આપીને લોકોના જીવ બચાવ્યા

### સુરજકુંડ મેળામાં એક તૂટી પડી હતી, ઈજાગ્રસ્તોને બચાવવાના પ્રયાસમાં ડ્યુટી પર તૈનાત જગદીશ પ્રસાદનું મૃત્યુ થયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)ફરીદાબાદ

ફરીદાબાદના સુરજકુંડ મેળામાં શનિવારે એક દુર્ઘટના સર્જાઈ હતી. સુરજકુંડ મેળામાં અચાનક એક રાઈડ ધડામ કરતા તૂટી પડી હતી, જેમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને બચાવવાના પ્રયાસમાં ડ્યુટી પર તૈનાત ૫૮ વર્ષીય SI જગદીશ પ્રસાદનું મૃત્યુ થયું હતું. તેમને ૨૦૧૯-૨૦માં હરિયાણાના રાજ્યપાલે પોલીસ મેડલથી સન્માનિત કર્યા હતા.

એક સિનિયર અધિકારીએ જણાવ્યું કે, પ્રસાદ ૧૯૮૯માં હરિયાણા આર્મ્ડ પોલીસમાં જોડાયા હતા. માર્ચ મહિનામાં ૩૬ વર્ષની સેવા પૂર્ણ કરીને તેઓ નિવૃત્ત થવાના હતા. તેમણે રાઈડમાં ફસાયેલા લોકોને બચાવવામાં ઘણી બહાદુરી બતાવી, પરંતુ આ દરમિયાન તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જેના કારણે તેમનું અવસાન થયું.

શનિવારે રાત્રે હરિયાણાના DGP અજય સિંઘલે આ બહાદુર અધિકારી માટે ૧ કરોડ રૂપિયાના વળતર અને તેમના પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે. ડીજીપીએ કહ્યું કે, જગદીશ પ્રસાદને શહીદનો દરજ્જો આપવામાં આવશે, કારણ કે તેમણે અન્ય લોકોના જીવ બચાવવાના પ્રયાસમાં પોતાનો જીવ કુર્બાન કર્યો છે. નોંધનીય છે કે, શનિવારે સાંજે આશરે ૬ વાગ્યે મેળામાં રાઈડ અચાનક તૂટી પડી હતી. તે સમયે રાઈડમાં આશરે ૧૯ લોકો બેઠા હતા. આ અકસ્માતમાં ૧૧ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને બચાવવા ગયેલા એસઆઈ જગદીશ પ્રસાદનું મોત થયું હતું. હરિયાણાના પર્યટન મંત્રી અરવિંદ શર્માએ જણાવ્યું કે, તમામ ઈજાગ્રસ્તો હવે ખતરાથી બહાર છે. અધિકારીઓએ કહ્યું કે, આ દુર્ઘટનાની તપાસ કરવા માટે એક કમિટી બનાવવામાં આવી છે. રાઈડના માલિક વિરુદ્ધ કેસ પણ નોંધવામાં આવ્યો છે.

સુરજકુંડ દુર્ઘટના કેસમાં પોલીસે બે લોકોની ધરપકડ કરી છે. આમાં હિમાચલ કેર ફન કેરના માલિક શાકિર મોહમ્મદ અને અન્ય આરોપી નિતેશનો સમાવેશ થાય છે. ઝૂલો તૂટ્યો હતો તેનો માલિક શાકિર મોહમ્મદ છે અને તેનું નામ FIRમાં પણ નોંધાયેલું છે.જગદીશ પ્રસાદના અચાનક અવસાનથી તેમના પૈતૃક ગામ મથુરા જિલ્લાના ડેંગરામાં શોક છવાયો છે. તેમના પરિવારમાં પત્ની સુધા, બે પુત્રીઓ નિધિ-દીપ્તિ અને પુત્ર ગૌરવ છે. ત્રણેય બાળકો હાલ અભ્યાસ કરે છે. પત્ની સુધા બાળકો સાથે સોનીપત પોલીસ લાઈન્સના સરકારી ક્વાર્ટરમાં રહે છે. જગદીશ પ્રસાદના ભાઈ પ્રદીપે જણાવ્યું કે, અમને શનિવારે રાત્રે ૮ વાગ્યે આ દુઃખદ સમાચાર મળ્યા. તેમના અન્ય ભાઈ સતીશ ચંદ્ર બલ્લભગઢમાં કેમિકલ ફેક્ટરીમાં કામ કરે છે, જ્યારે ચંદ્રભાન સિંહ ફરીદાબાદમાં મોટર કંપનીમાં કાર્યરત છે. પિતા સૂરજમલ અને માતા શાંતિ દેવી ગામમાં જ રહે છે.

ICC સાથે સિક્રેટ મીટિંગના અહેવાલ

## મેચ બહિષ્કારના વિવાદ વચ્ચે BCB અધ્યક્ષ પાકિસ્તાન દોડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચના બહિષ્કારના ડ્રામા વચ્ચે ક્રિકેટ જગતમાં મોટી હલચલ મચી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના ચીફ મોહસિન નકવીની જીદને શાંત પાડવા માટે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ તાબડતોબ લાહોર પહોંચ્યા છે. પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચ ન રમવાના સંભવિત નિર્ણયને પગલે ક્રિકેટ જગતના સમીકરણો બગડી રહ્યા છે. આ સ્થિતિમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષની લાહોર યાત્રા અત્યંત મહત્ત્વની માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમીનુલ ઈસ્લામ અને મોહસિન નકવી વચ્ચેની આ મુલાકાત પાકિસ્તાનના વલણને નરમ પાડવા અને એશિયન ક્રિકેટના હિતોને જાળવી રાખવા માટે થઈ રહી છે. સમગ્ર વિવાદને વણસતો જોઈને ICCએ આજે રાત્રે એક ઈમરજન્સી બેઠકનું આયોજન કર્યું છે. આ બેઠકમાં ICCના CEO સંજોગ ગુપ્તા, PCB ચીફ મોહસિન નકવી અને BCB અધ્યક્ષ સામેલ થશે. ICCનો હેતુ કોઈપણ રીતે પાકિસ્તાનને મેદાન પર ઉતારવાનો છે, કારણ કે ભારત-પાકિસ્તાન મુકાબલો આ ટુર્નામેન્ટનો સૌથી મોટો આકર્ષણનો સ્ત્રોત છે.

બુમરાહ બાદ હવે ધાકડ બેટ્સમેન પડ્યો બીમાર

## બેટ્સમેન અભિષેક શર્માની તબિયત અચાનક બગડી

### મોહમ્મદ સિરાજે કહ્યું, "બધું બરાબર છે, તેને પેટમાં દુખાવો હતો અને તેથી જ તે ફિલ્ડિંગમાં આવ્યો ન હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સૂર્યકુમાર યાદવ એક મોટી સમસ્યાનો સામનો કરી રહ્યો છે; તેમણે આગામી મેચ માટે પોતાના હીરોને બેન્ચ પર બેસાડવો પડી શકે છે. આ દરમિયાન, સમાચાર આવ્યા કે અભિષેક શર્માની તબિયત પણ બગડી ગઈ છે. નોંધનીય છે કે જસપ્રીત બુમરાહને પણ બીમારીને કારણે પહેલી મેચ ગુમાવી પડી હતી. ભારતીય ક્રિકેટ ટીમે T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ની શાનદાર શરૂઆત શાનદાર જીત સાથે કરી હતી. પહેલી મેચમાં ટીમે યુનાઈટેડ સ્ટેટ્સને ૨૯ રનથી હરાવ્યું હતું. જોકે, સૂર્યકુમાર યાદવ સિવાય અન્ય કોઈ બેટ્સમેન સારું પ્રદર્શન કરી શક્યા ન હતા. અભિષેક શર્મા અને શિવમ દુબે બંને ગોલ્ડન ડક પર આઉટ થયા હતા. આ પછી અભિષેક ફિલ્ડિંગ માટે પણ આવ્યો ન હતો. સૂર્યકુમારે પાછળથી પુષ્ટિ કરી કે અભિષેક હજુ પણ સંપૂર્ણપણે સ્વસ્થ નથી.

સૂર્યકુમારે કહ્યું કે અભિષેકની જેમ જ જસપ્રીત બુમરાહને હવામાનને કારણે ખૂબ તાવ આવ્યો હતો. જોકે, મોહમ્મદ સિરાજે પુષ્ટિ આપી કે અભિષેકને પેટમાં દુખાવો હતો. તેમણે આશા વ્યક્ત કરી કે તે નામિબિયા સામેની આગામી મેચ પહેલા સ્વસ્થ થઈ જશે. સિરાજે કહ્યું, "બધું બરાબર છે. તેને પેટમાં દુખાવો હતો અને તેથી જ તે ફિલ્ડિંગમાં આવ્યો ન હતો."

સૂર્યકુમાર યાદવે પણ પુષ્ટિ આપી કે વોશિંગ્ટન સુંદર દિલ્હીમાં ટીમ ઈન્ડિયા સાથે જોડાશે. ભારતનો આગામી મુકાબલો ગુરુવાર, ૧૨ ફેબ્રુઆરીએ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં છે. આ મુકાબલો નામિબિયા સામે છે, જેમાં જસપ્રીત બુમરાહની વાપસી થવાની અપેક્ષા છે.

વાયરલ ફીવરને કારણે જસપ્રીત બુમરાહ પહેલી મેચ ચૂકી ગયો હતો, જેના કારણે મોહમ્મદ સિરાજને અર્શદીપ સિંહ સાથે પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો હતો. ટુર્નામેન્ટ શરૂ થવાના ૨૪ કલાક પહેલા જ સિરાજને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. તે હર્ષિત રાણાના સ્થાને આવ્યો હતો.

મોહમ્મદ સિરાજે યુએસએ સામે ભારત માટે સૌથી વધુ ૩ વિકેટ લીધી, પાવરપ્લેમાં ૨ વિકેટ સાથે સારી શરૂઆત આપી. જો બુમરાહ આગામી મેચમાં રમે છે, તો સિરાજને તેના સારા પ્રદર્શન છતાં બહાર બેસવું પડી શકે છે. તો બીજી તરફ જો અભિષેક શર્મા સ્વસ્થ નહીં થાય તો તેની જગ્યાએ સંજુ સેમસન ઓપનિંગ કરવા આવશે.

રીલ બનાવવાનું ભૂત જીવલેણ સાબિત થયું

## ફાંસી લગાવવાની એક્ટિંગ કરતી વખતે મહિલાનું દર્દનાક મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર

ઉત્તર પ્રદેશના કાનપુર નજીક બાંદા જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ઈન્સ્ટાગ્રામ રીલ બનાવવાના ચક્કરમાં એક ૨૭ વર્ષીય મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા વીડિયોમાં ફાંસી લગાવવાનું નાટક કરી રહી હતી, પરંતુ આ દરમિયાન ફાંસો ખરેખર તેની ગરદન પર કસાઈ ગયો અને તે પોતાની જાતને બચાવી શકી નહીં. મહિલાનું નામ મોહિની હતું. પરિવારના સભ્યોએ જણાવ્યું કે, મોહિનીને સોશિયલ મીડિયા પર રીલ બનાવવી ખૂબ પસંદ હતી. પરિવારના જણાવ્યા મુજબ, ૬ ફેબ્રુઆરીની સાંજે મોહિની પોતાના રૂમમાં મોબાઈલથી એક રીલ બનાવી રહી હતી. તે રીલમાં ફાંસી લગાવવાનો સીન કરી રહી હતી. આ માટે તેણે છતના હૂક પર દોરડું બાંધ્યું, એક સ્ટૂલ પર ઊભી રહી અને દોરડું પોતાની ગરદનમાં નાખીને એક્ટિંગ કરવા લાગી હતી. રીલ બનાવતી વખતે અચાનક તેનું સંતુલન બગડ્યું અથવા પગ લપસી ગયો હતો. જ્યારે તેના પગ સ્ટૂલ પરથી નીચે ઉતરી ગયા, ત્યારે મજાકમાં કરવામાં આવી રહેલો સીન ખરેખર ફાંસી જેવો બની ગયો હતો, અને ગણતરીની સેકન્ડોમાં તેનું મોત થઈ ગયું હતું. આ ઘટના ત્યારે સામે આવી જ્યારે તેની ૪ વર્ષની પુત્રી રૂમમાં આવી અને, પોતાની માતાને લટકતી જોઈ હતી. બાળકી જોરજોરથી રડવા લાગી, ત્યારબાદ આસપાસના લોકો અને પરિવારના સભ્યો દોડીને રૂમમાં પહોંચ્યા હતા. શરૂઆતમાં પરિવારને લાગ્યું કે, મોહિનીએ આત્મહત્યા કરી છે, પરંતુ બાદમાં તપાસમાં જાણવા મળ્યું કે, તે રીલ બનાવી રહી હતી, ત્યારે જ આ અકસ્માત થયો હતો. સૂચના મળતા જ બાબેરૂ પોલીસ સ્ટેશનની ટીમ અને પોલીસ અધિક્ષક પલાશ બંસલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. એસપી પલાશ બંસલે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં આ મામલો રીલ બનાવતી વખતે થયેલા અકસ્માત જેવો લાગે છે. પોલીસ દરેક પાસાથી તપાસ કરી રહી છે.

## સગીર છોકરાએ ઘરમાંથી ૧૫ લાખના દાગીના ચોર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)રીવા

મધ્ય પ્રદેશના રીવામાં ચોરીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઓનલાઈન ગેમમાં રૂપિયા હારી ચૂકેલા એક સગીર છોકરાએ પોતાના જ ઘરમાં મોટી ચોરીની ઘટનાને અંજામ આપી દીધો. સીધીથી રીવા વૈવાહિક કાર્યક્રમમાં મા સાથે આવેલા સગીર દીકરાએ લગભગ ૧૫ લાખ રૂપિયાના કિંમતી દાગીના પર હાથ સાફ કરી લીધો. પોલીસે જણાવ્યું કે તિવારી પરિવારની ફરિયાદ પર પોતાની બહેનને ત્યાં લગ્નમાં આવી હતી. શનિવાર બપોરે લગભગ બે વાગ્યે કાર્યક્રમમાં ફ્રી થયા બાદ જ્યારે તેમણે પોતાના દાગીના કાઢીને મૂક્યા તો થોડી જ મિનિટોમાં બધા દાગીના ગાયબ થઈ ગયા. ઘણી શોધખોળ કરવા છતાં દાગીના મળ્યા નહીં, તો આ ઘટનાની જાણ પોલીસને કરી. તેમણે જણાવ્યું કે, મહિલાની ફરિયાદ પર ચોરહટા પોલીસે જ્યારે સમગ્ર મામલાની જાણકારી લીધી, તો જાણવા મળ્યું કે, ઘટના બાદ તેમનો સગીર દીકરો ગાયબ હતો. શંકા જતાં જ્યારે પોલીસે તેનું લોકેશન જોયું તો તે સીધીમાં જોવા મળ્યો. જે બાદ પોલીસની ટીમ રવાના થઈ. સગીર છોકરાને શોધી કાઢ્યો પણ તેની પાસેથી સામાન મળ્યો નહીં. પોલીસે મહિલાના દીકરાને લઈને રીવા આવી અને ઘણી પૂછપરછ બાદ જાણવા મળ્યું કે સગીરે દાગીના સીધીમાં પોતાના એક મિત્ર પાસે છુપાવીને રાખ્યા છે. ત્યાર બાદ પોલીસ ફરી એક વાર સીધી જવા રવાના થઈ. જ્યાંથી સોનાના દાગીના જપ્ત થયા. ઘટનાના સંબંધમાં પોલીસ સ્ટેશનના પ્રભારી આશીષ મિશ્રાએ જણાવ્યું કે, પૂછપરછ દરમિયાન સગીરનું કહેવું હતું કે તે મોબાઈલ ફોનમાં ઓનલાઈન ગેમ રમતો હતો, જેમાં તે પૈસા હારી ગયો છે અને તે પૈસા ભરવા માટે તેને રૂપિયાની જરૂર હતી, જેના માટે તેણે આ ચોરી કરી હતી.

હાલમાં જપ્ત થયેલા સોનાના દાગીના પરિવારને સોંપી દેવામાં આવ્યા છે. આ ઘટનાને લઈને માતાનું કહેવું છે કે ચોર તેમનો દીકરો છે, એટલા માટે ફરિયાદ નથી નોંધાવી. જે બાદ પોલીસે પરિવારને સમજાવી બાળક પર નજર રાખવા કહ્યું છે. સાથે જ મોબાઈલ ફોનની એક્ટિવિટી પર પણ ખાસ ધ્યાન આપવા જણાવ્યું છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### અમદાવાદમાં ઓઢવની મુકેશનગર સોસાયટીમાં પીવાના પાણીમાં મિક્સ થયું ગટરનું પાણી - ડૉ કરન બારોટ

# પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાની સ્થાનિકોની ફરિયાદના પગલે AAP યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટ, જૈમિન દેસાઈ, ઈશ્વર દેસાઈ, નિશાંત ઠક્કર સહિતની ટીમ સવારે ૯ વાગે પહોંચી મુકેશનગર સોસાયટી ખાતે



અમદાવાદ/ગુજરાત

અમદાવાદમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાની સ્થાનિકોની ફરિયાદના પગલે આમ આદમી પાર્ટી યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ, AAP નેતા જૈમિન દેસાઈ, ઈશ્વર દેસાઈ, નિશાંત ઠક્કર સહિતની ટીમ સવારે ૯ વાગે મુકેશનગર સોસાયટી ખાતે પહોંચી હતી. ઓઢવની મુકેશનગર સોસાયટીમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થયું હતુ ત્યારે અહીં પહોંચેલા આમ આદમી પાર્ટી મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટે જણાવ્યું હતું કે મુકેશનગર સોસાયટી ખાતે આમ આદમી પાર્ટીની સ્થાનિક મુલાકાત દરમિયાન રહેવાસીઓ દ્વારા ગંભીર ફરિયાદો સામે આવી છે. આ વિસ્તારમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિશ્રિત થતું હોવાની વારંવાર ફરિયાદો મળી રહી છે. પરિણામે સમગ્ર વિસ્તારમાં આરોગ્ય સંકટ ઊભું થયું છે. આ વિસ્તાર ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈનો વિસ્તાર હોવા છતાં જો અહીંના લોકોને ગટરનું પાણી પીવું પડે છે, તો સમગ્ર ગુજરાતમાં સ્થિતિ કેટલી ભયાનક હશે તે અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. સરકાર શું બીમારીની રાહ જોઈ રહી છે ? થોડા સમય પહેલાં ગાંધીનગરમાં ટાઈફોઈડના રોગચાળાના કારણે ૨૦૦થી વધુ બાળકો હોસ્પિટલમાં દાખલ થયા હતા અને ૭ વર્ષની દીકરી કાજલબેનનું ગટરનું પાણી પીવાથી દુઃખદ અવસાન થયું હતું. તે સમયે તંત્ર દ્વારા હેલ્થ સર્વેના નામે માત્ર દેખાવ પૂરતા નાટકો કરવામાં આવ્યા હતા. પાઈપલાઈન લીકેજ અને ભ્રષ્ટાચારના કારણે થયેલા રોગચાળાની વાત માનવ અધિકાર આયોગ સુધી પહોંચી હતી.

AAP નેતા ડો.કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે આજે ઓઢવ વિસ્તારની અંદર પણ તેવી જ સ્થિતિ સર્જાઈ છે. દરેક ઘરમાં કોઈને કોઈ સભ્ય બીમાર હોવાનું સામે આવ્યું છે. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં, ખાસ કરીને અમદાવાદમાં, ટાઈફોઈડ, કોલેરા, ડેંગ્યુ જેવી પાણીજન્ય અને મચ્છરજન્ય બીમારીઓથી ૯૦૦થી વધુ લોકોના મોત થયા છે, જેમાં મુખ્ય કારણ દૂષિત પાણી છે. જો ગુજરાતની જનતાને ગટરનું પાણી પીવું પડે, તો તે સરકાર માટે શરમજનક બાબત છે. આમ આદમી પાર્ટી સરકારને ચેતવણી આપે છે કે તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો ટેમ્પરરી નહીં પરંતુ પરમેનન્ટ સોલ્યુશન લાવવામાં આવે. સમગ્ર વિસ્તારમાં પાઈપલાઈન લીકેજની તાત્કાલિક તપાસ થવી જોઈએ. ઘરેઘરે હેલ્થ સર્વે કરીને બીમારીઓની સાચી સ્થિતિ જાહેર કરવી જોઈએ. જ્યાં સુધી કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી શુદ્ધ પીવાના પાણીની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને સ્પષ્ટ એક્શન પ્લાન જાહેર કરવો જોઈએ. આ વિસ્તારના લોકો કરોડો રૂપિયાનો ટેક્સ ચૂકવે છે, વોટ આપે છે. જો સરકાર તેમને શુદ્ધ પાણી પણ ન આપી શકે, તો એવી સરકાર પર ધિક્કાર છે. એકથી બે દિવસની અંદર સ્પષ્ટ ઉકેલ નહીં આવે તો આમ આદમી પાર્ટી જનતા સાથે મળીને ઉગ્ર આંદોલન કરશે, જેમાં સરકાર અને જનપ્રતિનિધિઓને આ જ પાણી પીવા માટે મજબૂર કરવામાં આવશે. તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.

### AAP નેતા જતિન પટેલ, અમિત પંચાલ, કૌતુક શાહ, પ્રિતેશ પટેલ, સુરેશ ગજ્જરે નરહરી અમીન સામે સિગ્નેચર અભિયાન ચલાવ્યું

# ભાજપ સાંસદ નરહરી અમીનની તાનાશાહી સામે AAPનું સ્થાનિકો સાથે મળીને આંદોલન

**એસપી રીંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ પર હોટલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટ નરહરી અમીરના કહેવાથી ઔડા અને પોલીસે બંધ કર્યો: AAP**

અમદાવાદ/ગુજરાત

ભાજપ સરકારની સાથે સાથે ભાજપના નેતાઓની પણ અવારનવાર તાનાશાહીભરી હરકતો આપણી સામે આવતી હોય છે. તો હમણાં અમદાવાદમાં કેટલાક સમયથી ભાજપના સાંસદ નરહરી અમીનની તાનાશાહીનું ઉદાહરણ પણ લોકો જોઈ રહ્યા છે અને જેના કારણે હવે લોકોમાં ખૂબ જ આક્રોશ છે. હકીકતમાં અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ પર હોટલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટને ઔડા અને પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે અને સ્થાનિકો જણાવી રહ્યા છે કે ભાજપના સાંસદ નરહરી અમીનની રજૂઆત બાદ આ કટ બંધ કરવામાં આવ્યો છે. હવે આ ડિવાઈડર કટ બંધ કરવામાં આવ્યો તેના કારણે ન્યુ ત્રાગડ, ચાંદખેડા સહિતના વિસ્તારોમાં વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડી રહી છે.

ત્યારે આજે આ મુદ્દા પર આમ આદમી પાર્ટીએ અને સ્થાનિક લોકોએ સાથે મળીને આ મુદ્દે સિગ્નેચર અભિયાન ચલાવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના અમદાવાદ શહેર સંગઠન મહામંત્રી જતીન પટેલ, અમદાવાદ શહેર ઉપપ્રમુખ અમિત પંચાલ, છઈઁ નેતા કૌતુક શાહ, પ્રિતેશ પટેલ અને સુરેશ ગજ્જર સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ સ્થાનિકોની સાથે રહીને સિગ્નેચર અભિયાન ચલાવ્યું અને નારેબાજી કરીને પ્રદર્શન કર્યું. આ ડિવાઈડર કટ બંધ કરવામાં આવ્યો છે તેના કારણે લોકોએ ત્રણથી ચાર કિલોમીટર ફરીને જવું પડે છે જે મુદ્દે વારંવાર નરહરી અમીનને અને કોર્પોરેટરોને રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈપણ વ્યક્તિએ આ રજૂઆતને સાંભળી નહીં. જેના કારણે આ સમસ્યાનું નિરાકરણ ન આવતા આખરે લોકો રસ્તા પર ઉતરી આવ્યા. આમ આદમી પાર્ટીની માંગણી છે કે આ ડિવાઈડર કટ તાત્કાલિક ધોરણે ખોલવામાં આવે અને લોકોને સમસ્યામાંથી છુટકારો આપવામાં આવે.

# મધ્ય પ્રદેશના રીવાની ઘટનાઃ કંકોત્રી વહેંચવા જતાં પિતા-પુત્રને કારે ફંગોળ્યા, ૩ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશના રીવા જિલ્લામાં શનિવારે સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહીં તેજ રફતાર વૈભવી કારની ટક્કરથી બાઈક સવાર ૩ લોકોના કરુણ મોત નિપજ્યા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે મૃતકોમાં પિતા-પુત્ર સામેલ છે, જેઓ લગ્નકંકોત્રી વહેંચવા જઈ રહ્યા હતા. આ ઘટના બાદ ઓડી કાર ચલાવી રહેલ ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ લીધો છે અને આ મામલે તપાસ વધુ તપાસ હાથ ધરી છે.આ ઘટનાની જાણકારી આપતા પોલીસે જણાવ્યું કે, 'આ અકસ્માત શહેરથી લગભગ ૮ કિમી દૂર રાયપુર કર્ચુલિયાન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કોષ્ટા રાજમાર્ગ પર સર્જાયો હતો. તેજ રફતાર ઓડી કારે એક મોટરસાઈકલને ટક્કર મારી દીધી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે, બાઈક પર સવાર ત્રણેય લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા.'

રાયપુર કર્ચુલિયાન પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ વિજય સિંહે જણાવ્યું કે, 'મૃતકોની ઓળખ રીવા જિલ્લાના ચચાઈ નિવાસી ભાગવત વિશ્વકર્મા અને તેમના નાના દીકરા રાહુલના રૂપમાં થઈ છે.

ભાગવતના મોટા દીકરાના ૨૪ ફેબ્રુઆરીના રોજ લગ્ન હતા. તેઓ નાન દીકરા સાથે લગ્નકંકોત્રી વહેંચવા જઈ રહ્યા હતા. મોટરસાઈકલ પર સવાર એક અન્ય સબંધીનું પણ આ અકસ્માતમાં મોત થઈ ગયું.

કાર ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે અને આગળની તપાસ હાથ ધરી છે.'

### લોહીલુહાણ લાશ મળી આવતાં હિંસા ભડકી

# દરભંગામાં ૬ વર્ષની માસૂમની દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)દરભંગા

બિહારના દરભંગામાં એક માસૂમ બાળકી સાથે થયેલી હેવાનીયતે ફરી એકવાર માનવતાને શર્મસાર કરી દીધી છે. ૬ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરવાના આ મામલે સમગ્ર પંથકમાં ભભૂકી ઉઠેલા રોષે વહીવટીતંત્રના પણ હોશ ઉડાવી દીધા છે. આ મામલે વિકાસ મહતો નામના ૨૨ વર્ષીય નરાધમની ધરપકડ કરી લેવામાં આવી છે.

બિહારના દરભંગા જિલ્લામાં માનવતા મરી પરવારી હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારના બેલામાં શનિવારે રાત્રે ૬ વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કરી તેની હત્યા કરવામાં આવી હતી. બાળકી તેના મોસાળમાં રહેવા આવી હતી, જ્યાંથી શનિવાર સાંજથી તે ગુમ હતી. મોડી રાત્રે ગામની બહાર તળાવ પાસે કૂતરાઓના ભસવાનો અવાજ આવતા પરિજનો ત્યાં પહોંચ્યા, જ્યાં દીવાલ પાસે બાળકીની લોહીલુહાણ લાશ મળી આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીએ ત્રણ બાળકીઓને પકડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાંથી બે ભાગી છૂટી હતી પણ આ કમનસીબ બાળકી નરાધમના હાથમાં આવી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતા જ સ્થાનિકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ સુંદરપુર બેલા મંદિર પાસે રસ્તો જામ કરી દીધો હતો. પોલીસે પાડોશમાં રહેતા ૨૨ વર્ષીય વિકાસ મહતોની ધરપકડ કરી છે, જેના કપડા પરથી લોહીના ડાઘા મળી આવ્યા છે. જોકે, આક્રોશિત ભીડ આરોપીને પોલીસ પાસેથી આંચકીને તેને 'તાલિબાની સજા' આપવાની જીદ પર અડી હતી. સ્થિતિ એટલી વણસી હતી કે લોકોએ પથ્થરમારો શરૂ કર્યો, જેના જવાબમાં પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. હાલમાં ઘટનાસ્થળે પાંચ પોલીસ સ્ટેશનનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે.

દરભંગાના SSP જગુનાથ રેડ્ડી જલારેડ્ડી પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને મામલાની ગંભીરતા જોઈ FSLની ટીમને તપાસ માટે બોલાવી છે. બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે DMCH મોકલી દેવાયો છે. વહીવટીતંત્ર લોકોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યું છે કે કાયદો તેનું કામ કરશે, પરંતુ સ્થાનિકોમાં ન્યાયની ધીમી પ્રક્રિયા અને વધતા જતા ગુનાખોરીને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રશ્ન એ થાય છે કે, શું પોલીસની કડકાઈ માત્ર પ્રદર્શનકારીઓ પૂરતી જ મર્યાદિત રહેશે કે આરોપીને વહેલી તકે ફાંસીના માંચડે ચડાવી માસૂમને ન્યાય અપાવશે?

### અમદાવાદમાં ઓનલાઈન શોપિંગ કરતા સાવધાન!

# iPhone ચોરીના હાઈટેક કૌભાંડનો પર્દાફાશ કરાયો

**અસલી ફોન કાઢી ડમી ફોન પધરાવતા, પોલીસ સમક્ષ લાઈવ ડેમોમાં માત્ર ૨ મિનિટમાં કેમિકલથી પાર્સલ ખોલી બતાવ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં જો તમે પણ તહેવારોની સીઝનમાં કે ડિસ્કાઉન્ટની લાલચમાં ધડાધડ ઓનલાઈન શોપિંગ કરતા હોવ તો સાવધાન થઈ જજો. તમારું મોંઘું પાર્સલ તમારા સુધી પહોંચે તે પહેલાં જ રસ્તામાં બદલાઈ ગયું હોઈ શકે છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક એવી હાઈટેક ગેંગનો પર્દાફાશ કર્યો છે, જેની મોડસ ઓપરેન્ડી જોઈને પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ ગેંગ કેમિકલ અને ઈન્જેક્શનની મદદથી પાર્સલ ખોલીને તેમાં રહેલા કિંમતી આઈફોન અને અન્ય મોંઘી ચીજવસ્તુઓ ચોરી લેતી હતી અને તેની જગ્યાએ નકલી સામાન મૂકી દેતી હતી. આ ગેંગની કાર્યપદ્ધતિ અત્યંત શાતિર હતી. ગેંગના સભ્યો જ અલગ-અલગ નકલી આઈડી બનાવીને મોંઘા મોબાઈલ અને ગેજેટ્સ ઓર્ડર કરતા હતા. જ્યારે ઓર્ડર કુરિયર કંપનીમાં આવતો, ત્યારે ત્યાં નોકરી કરતા ગેંગના સાગરીતો (જેમ કે વિશાલ બાવરી) તે પાર્સલ ડિલિવરી માટે લઈ જતા હતા. રસ્તામાં તેઓ પાર્સલના પેકિંગ પર એક ખાસ પ્રકારનું પ્રવાહી (કેમિકલ) ઈન્જેક્શન દ્વારા લગાવતા હતા. આ કેમિકલની કમાલ એવી હતી કે કંપનીની ટેપ કે સીલ તૂટ્યા વગર સરળતાથી ખૂલી જતું હતું. તેઓ માત્ર ૨ મિનિટમાં પાર્સલ ખોલીને અસલી પ્રોડક્ટ કાઢી લેતા અને તેની જગ્યાએ ડમી કે નકલી પ્રોડક્ટ મૂકીને ફરીથી તે જ રીતે પેક કરી દેતા, જેથી ગ્રાહક કે કંપનીને કોઈ શંકા ન જાય. ચોરી કર્યા બાદ તેઓ ગ્રાહક તરીકે ઓર્ડર કેન્સલ કરી દેતા અથવા રિટર્ન કરતા અને કંપની પાસેથી રિફંડ પણ મેળવી લેતા. આમ તેમને અસલી ફોન પણ મળી જતો અને પૈસા પણ પાછા આવતા. નવા નરોડા સ્થિત એક કુરિયર કંપનીના મેનેજરને શંકા જતા તેમણે ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં રૂ.૧.૩૪ લાખનો લેટેસ્ટ આઈફોન ૧૭ પ્રો અને અન્ય રૂ.૧.૨૨ લાખનો ફોન બદલાયો હોવાનું સામે આવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે જ્યારે આરોપી વિશાલ બાવરી અને તેની ગેંગને પકડીને પૂછપરછ કરી ત્યારે તેમણે આ ગુનો કબૂલ્યો હતો. પોલીસને ખાતરી કરાવવા માટે આરોપીઓએ લાઈવ ડેમો આપ્યો હતો. તેમણે પેટ્રોલ જેવા દેખાતા પ્રવાહીથી માત્ર ૨ મિનિટમાં પોલીસની હાજરીમાં જ પાર્સલ ખોલીને બતાવ્યું હતું, જે જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. પોલીસે આ કૌભાંડમાં કુલ ૫ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ૮ અસલી ચોરીના મોબાઈલ અને ૨૫ નકલી (ડમી) મોબાઈલ જપ્ત કરવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાં ૪ રાજસ્થાનના અને ૧ સુરતનો વતની છે.

### હિમંતા બિસ્વા સરમાનો દાવો

# કોંગ્રેસ MPના પાકિસ્તાન સાથે કનેક્શનના પુરાવા મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગુવાહાટી

આસામના કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈના કથિત પાકિસ્તાન લિંકને લઈને વિવાદ સતત વકરી રહ્યો છે. મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ એક ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, "હું જ્યારે આસામમાં રોકાણના પ્રસ્તાવ સાથે સિંગાપોરમાં હતો, ત્યારે જ તે તસવીર વાયરલ થઈ હતી. જેમાં ગૌરવ ગોગોઈ કેટલાક યુવાનોને પાકિસ્તાની દૂતાવાસમાં લઈ જતા જોવા મળ્યા હતા. અબ્દુલ બાસિત તે સમયે ભારતમાં પાકિસ્તાનના હાઈ કમિશનર હતા. એક રીતે, તેમણે પાકિસ્તાનને કાયદેસરતા આપવાનો પ્રયાસ કર્યો હતો."

શર્માએ આગળ કહ્યું કે, "જો તમે આ તસવીરને કારગિલ યુદ્ધની પૃષ્ઠભૂમિમાં જુઓ, તો આસામના કેપ્ટન જિંટુ ગોગોઈએ દેશ માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હતી. બીજા ઘણા લોકોએ પણ દેશ માટે બલિદાન આપ્યું હતું.

પાકિસ્તાન સાથેના આપણા સંબંધો અને ઓપરેશન સિંદૂર દરમિયાન દેશની જનતાએ વડાપ્રધાનને જે રીતે સાથ આપ્યો હતો, તે સૌ જાણે છે. આ બાબત દેશની લાગણીઓને દર્શાવે છે."

સરમાએ આક્ષેપ કર્યો કે, "મને નથી લાગતું કે અન્ય કોઈ કોંગ્રેસ નેતાએ ક્યારેય આટલા મોટા પ્રતિનિધિમંડળ સાથે પાકિસ્તાનની મુલાકાત લીધી હોય. લાંબા સમય સુધી મને લાગતું હતું કે આ તસવીર ફોટોશોપ કરેલી છે, પરંતુ બે-ત્રણ દિવસ પછી કોંગ્રેસના લોકો તેનું સમર્થન કરવા લાગ્યા, ત્યારે મને સમજાયું કે આ તસવીર અસલી છે. ત્યારબાદ અમે તપાસ શરૂ કરી કારણ કે આ મામલો નાનો ન હોઈ શકે." ગૌરવ ગોગોઈએ હિમંત બિસ્વા સરમાની પ્રેસ કોન્ફરન્સને સુપર ફ્લોપ ગણાવી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "મને દિલ્હી અને આસામના પત્રકારો પર દુઃખ થાય છે જેમને સદીની સૌથી ખરાબ પ્રેસ કોન્ફરન્સ સહન કરવી પડી. તે સી-ગ્રેડ ફિલ્મ કરતાં પણ ખરાબ હતી. કહેવાતા હોશિયાર મુખ્યમંત્રી દ્વારા રજૂ કરાયેલી દલીલો સંપૂર્ણપણે વાહિયાત અને ખોટી હતી."

લોકસભામાં કોંગ્રેસના ડેપ્યુટી લીડર ગોગોઈએ વધુમાં લખ્યું, "આ સુપર ફ્લોપ અમારી સમય પરિવર્તન યાત્રાથી તદ્દન વિપરીત છે, જે મુખ્યમંત્રી અને તેમના પરિવારના સભ્યો દ્વારા કબજે કરાયેલી ૧૨,૦૦૦ વીઘા જમીનનો પર્દાફાશ કરવામાં સફળ રહી." મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, "આસામના એક સાંસદનો પાકિસ્તાન સાથે સંબંધ હોય તે સન્માનની વાત નથી પણ દુઃખની વાત છે." તેમણે માહિતી આપી કે ગૌરવ ગોગોઈના કથિત પાકિસ્તાન કનેક્શનનો કેસ હવે ગૃહ મંત્રાલય (સ્ઙ્કંછ) ને સોંપવામાં આવશે. તેમણે જણાવ્યું કે આ મામલામાં ત્રણ મુખ્ય વ્યક્તિઓ સામેલ છે. જેમાં ગૌરવ ગોગોઈ પોતે, તેમની બ્રિટિશ પત્ની એલિઝાબેથ કોલબર્ન અને પાકિસ્તાની નાગરિક અલી તૌકીર શેખ.

### કર્ણાટકમાં એક ખેતરમાં ખાબક્યું ખાનગી વિમાન, ૨ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)વિજયપુરા

કર્ણાટકના વિજયપુરા જિલ્લા એક પ્રાઈવેટ જેટ ક્રેશ થયું છે. પ્લેન દુર્ઘટનામાં પાયલોટ અને ટ્રેઈની પાયલોટ ગંભીર રીતે ઈજગરસ્ત થયા છે. સમગ્ર મામલે સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક અહેવાલો અનુસાર પ્રાઈવેટ વિમાન કાલબુર્ગીમાં પાસે જ હવામાં ડગમગવા લાગ્યું હતું. પાયલોટે પ્લેન સંભાળવા ઘણા પ્રયાસ કર્યા. પણ પછી એક ખેતરમાં ક્રેશ થયું. વિમાનમાં સવાર બંને વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવી. અત્યાર સુધીની તપાસમાં ઈંધણની કમી અથવા તો એન્જિનમાં ખરાબી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે વિમાન દુર્ઘટનાનું મુખ્ય કારણ તો તપાસ બાદ જ જાણવા મળશે. આ વિમાન 'રેડ બર્ડ એવિએશન' કંપનીનું હતું, આ કંપની દ્વારા પણ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

### ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂ ભડક્યાં

# જેફરી એપસ્ટિન ઈઝરાયલી જાસૂસ હતો? FBIના સિક્રેટ ડોક્યુમેન્ટમાં ખુલાસા

**નેતન્યાહુએ તમામ આરોપોને ફગાવી કહ્યું હતું કે એપસ્ટિન ઈઝરાયલ માટે કામ કરતો હતો તેનો કોઈ પુરાવો નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાનો કુખ્યાત યૌન ગુનેગાર અરબપતિ જેફરી એપસ્ટિનને લઈને ફરી વિવાદ ચગ્યો છે. હાલમાં સામે આવેલા એક FBIના દસ્તાવેજમાં દાવો કરવામાં આવ્યો છે કે, એપસ્ટિનને કથિત રીતે પૂર્વ ઈઝરાયલી વડાપ્રધાન અહૂદ બરાકના શાસનકાળમાં જાસૂસ તરીકે ટ્રેનિંગ આપવામાં આવી હતી. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તમામ આરોપોને ફગાવી કહ્યું હતું કે એપસ્ટિન ઈઝરાયલ માટે કામ કરતો હતો તેનો કોઈ પુરાવો નથી.

આ દસ્તાવેજ FBIના એક ગુપ્ત સૂત્ર રિપોર્ટનો એક હિસ્સો છે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. જેમાં અમેરિકાની ચૂંટણી પ્રક્રિયામાં વિદેશી પ્રભાવ સાથે જોડાયેલી જાણકારી છાપવામાં આવી છે. પરંતુ સૂત્રએ એપસ્ટિન સાથે જોડાયેલા ઘણા દાવા પણ તેમાં રજૂ કર્યા છે. રિપોર્ટ મુજબ, સૂત્ર દ્વારા હાર્વર્ડ લો પ્રોફેસર એલન ડેરશોવિટ્ઝ અને એપસ્ટિન વચ્ચેના ફોન કોલ્સની વાતો નોટ કરવામાં આવી હતી. જે વાતો ઈઝરાયલની ગુપ્ત એજન્સી મોસાદ સુધી પહોંચાડવામાં આવતી હતી.

રિપોર્ટમાં એ પણ દાવો છે કે, સૂત્ર સાથે થયેલી વાતચીતથી એ બંધારો બાંધવામાં આવ્યો કે એપસ્ટિન મોસાદનો સહયોગી એજન્ટ હોઈ શકે છે. તે દરમિયાન કથિત રીતે એ પણ કહેવામાં આવ્યું કે એપસ્ટિન અમેરિકા અને સહયોગી દેશોની ગુપ્ત એજન્સીઓ સાથે જોડાયેલો હતો. જો કે તમામ દાવા એક સૂત્ર પર આધારીત છે તેની કોઈ સ્વતંત્ર પુષ્ટિ કરવામાં આવી નથી. દસ્તાવેજમાં અન્ય વિવાદિત આરોપ પણ મૂકવામાં આવ્યા છે. હાર્વર્ડ લો પ્રોફેસર એલન ડેરશોવિટ્ઝને મોસાદ સાથે સંબંધ હોવાનો દાવો, સિલિકોન વેલીની એક વેન્ચર ફર્મ પર ટેકનોલોજી ચોરીનો આરોપ, ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરના પરિવારના ઈઝરાયલ સાથે ગાઢ સંબંધોનો ઉલ્લેખ, આ માત્ર આરોપો છે તેના કોઈ ઠોસ પુરાવા સાર્વજનિક રૂપે સામે આવ્યા નથી.

બીજી તરફ એપસ્ટિન અને પૂર્વ ઈઝરાયલી વડાપ્રધાન અહૂદ બરાક વચ્ચે સંબંધોની પહેલા પણ ચર્ચા થતી આવી છે. બંને વચ્ચે ખૂબ જ લાંબા સમય સુધી સંપર્ક રહ્યો બરાકે સ્વીકાર પણ કર્યો હતો કે ઘણીવાર એપસ્ટિનને મળ્યા હતા. જો કે તેમણે ખોટા કામ કર્યા હોવાનો ઈનકાર કર્યો હતો.

આ મુદ્દે પ્રતિક્રિયા આપતા ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે, એપસ્ટિન અને બરાક વચ્ચે ગાઢ સંબંધો હતા તેનો મતલબ એ નથી કે એપસ્ટિન ઈઝરાયલ માટે કામ કરતો હતો. તેમણે બરાક પર રાજનૈતિક હુમલો કરતાં કહ્યું કે, લાંબા સમયથી તેમની સરકારને નબળી પાડવાની કોશિશ થઈ રહી છે. કુલ મળીને એપસ્ટિનને મોસાદનો જાસૂસ બતાવનારા માત્ર દાવા છે ગુપ્ત સૂત્ર અને રિપોર્ટ સુધી જાણકારી મર્યાદિત છે.

તેની કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી, જ્યારે ઈઝરાયલી સરકારે તેને ફગાવી દીધા છે. એવામાં આ મામલો હાલ આરોપ પ્રત્યારોપ વચ્ચે ફસાયેલો છે. ન તો ગુપ્ત માહિતી સત્તાવાર થશે ન એપસ્ટિન મોસાદનો એજન્ટ હતો તેવું ભવિષ્યમાં પુરવાર થશે.

### ભારતની જીતમાં સિરાજની મહત્વની ભૂમિકા

# વેકેશન પર જવાનો હતો સિરાજ, પછી એક ફોન આવ્યો અને મચાવી ધમાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમે આઈસીસી ટી૨૦ વિશ્વકપમાં જીત સાથે શરૂઆત કરી છે. પરંતુ આ મેચમાં સૂર્યકુમાર યાદવ સિવાય ભારતના બધા બેટરો ફ્લોપ રહ્યાં હતા. એક સમયે ભારતે ૭૭ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. સૂર્યકુમારની ઈનિંગની મદદથી ભારતીય ટીમ ૧૬૦ રન બનાવવામાં સફળ રહી હતી. ભારતની આ જીતમાં મોહમ્મદ સિરાજે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. મોહમ્મદ સિરાજનું આ પ્રદર્શન ખાસ છે કારણ કે તે ટીમમાં સામેલ નહોતો, પરંતુ અચાનક એક કોલ આવ્યો અને સિરાજના તમામ અન્ય પ્લાન રદ્દ થઈ ગયા હતા.

ટીમ ઈન્ડિયાની જીત બાદ સૂર્યાને શ્રેય આપવામાં આવી રહ્યો છે, જેનો તે હકદાર છે, પરંતુ સિરાજે બધાનું દિલ જીતી લીધું છે. હકીકતમાં સિરાજ ટી૨૦ વિશ્વકપની ટીમમાં સામેલ નહોતો. પરંતુ હર્ષિત રાણા ઈજાગ્રસ્ત થતાં સિરાજને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. અમેરિકા સામે મેચ પહેલા જસપ્રીત બુમરાહ બીમાર હોવાને કારણે સિરાજને મેચ રમવાની પણ તક મળી. જો આ બધુ ન થયું હોત તો સિરાજનો પ્લાન વેકેશન પર જવાનો હતો અને તે સ્પેન જઈ પોતાની પસંદગીની ફુટબોલ ક્લબ રિયલ મેડ્રિડની મેચ જોવાનો હતો. ટીમ ઈન્ડિયાની જીત બાદ સિરાજે ખુલાસો કર્યો કે કઈ રીતે ૨ દિવસ પહેલા કેપ્ટન સૂર્યાના એક ફોન કોલે બધુ બદલી નાખ્યું. ભારતીય બોલરે કહ્યુ, ''સૂર્યાએ કહ્યુ- મિયાં બેગ પેક કરો અને આવી જા. મેં તેને કહ્યું ભાઈ મજાક ન કરો કારણ કે આ થવાનું નથી. પરંતુ તેણે કહ્યું- હું સાચુ કહું છું રેડી થઈ જાય. ત્યારબાદ ઓઝા ભાઈ (સિલેક્ટર પ્રજ્ઞાન ઓઝા) નો કોલ આવ્યો. ૧૫ ફેબ્રુઆરીએ રિયલ મેડ્રિડની એક મેચ છે, તે હું જોવા જવાનો હતો અને પછી રમઝાન હતો પરંતુ આ બધુ ઉપરવાળાએ લખ્યું છે.

મેચની વાત કરીએ તો વાનખેડે સ્ટેડિયમમાં ભારતે અમેરિકાને ૨૯ રને હરાવ્યું છે. આ જીતનો હીરો સૂર્યકુમાર રહ્યો, જેણે ૭૭ રન પર છ વિકેટ પડ્યા બાદ સ્કોર ૧૬૧ સુધી પહોંચાડ્યો હતો. કેપ્ટને ૪૯ બોલમાં ૮૪ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ત્યારબાદ સિરાજે પોતાની શરૂઆતી ૨ ઓવરમાં અમેરિકાને બે ઝટકા આપી બેકફૂટ પર ધકેલી દીધું હતું. અંતમાં અમેરિકાની ટીમ ૧૩૨ રન બનાવી શકી હતી. સિરાજે ૪ ઓવરમાં ૨૯ રન આપી ત્રણ વિકેટ લીધી હતી.

# અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના હરીપુરા ગામે લગ્નના વરઘોડામાં યુવકની કરાઈ હત્યાઃ સમાધાન બાદ ૮ શખ્સોએ કર્યો હુમલો

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના હરીપુરા ગામે લગ્નના વરઘોડામાં યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી છે. હરીપુરા ગામે વરઘોડામાં ગયેલ બે યુવકો પર હુમલો કરવામાં આવ્યો હતો. જુની અદાવતમાં લગ્નના વરઘોડામાં માથાકુટ બાદ હત્યા કરવામાં આવી છે. અગાઉ સમાધાન કર્યા બાદ યુવક પર હુમલો કર્યો હોવાની વાત બહાર આવી છે, જિલ્લાના ભિલોડા તાલુકાના હરીપુરા ગામે બંને યુવકો પર પથ્થરમારો કરી હુમલો કરતા મોત થયુ છે. હરીપુરા અને કાળીડુંગળીના ૮ શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવને લઈ પોલીસે હત્યાનો ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે, બંને યુવકો પર પથ્થરમારો કરી હુમલો કરતા એક નુ મોત થયુ હતું. જયારે બીજાને ગંભીર રીતે ઈજા પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. ૧૮ વરસના હાર્દિક હોથા નામના યુવકની હત્યા કરવામાં આવી છે. જયારે યોગેશ ડામોર નામના યુવકને ગંભીર ઈજા પહોચતા સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે. તો બીજી તરફ મરનાર યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. પીએમ થયા બાદ મૃતદેહ ને પરીવારજનોને સોંપવામાં આવશે. પોલીસે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે અગાઉ બંને પાર્ટીમાં સમાધાન થયા બાદ આરોપીઓએ રેકી કરી હતી અને માર માર્યો હતો.




# ગુજરાતમાં સરકારી વીજ વિતરણમાં વરસે ૧૪ ટકાનુ મોટુ નુકશાનઃ ટ્રાન્સમિશનમાં ૧.૯૯ ટકાનો વીજ લોસ થાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં ૪ સરકારી વીજ વિતરણ કંપનીઓમાં ૨૦૨૪-૨૫ ના નાણાંકીય વર્ષમાં કેન્દ્રીય વીજળી મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ એકંદરે સરેરાશ ૮.૨૫ ટકાની વીજ ઘટ એકત્રીત ટેકનીકલ અને કોમર્શીયલ ઓપરેશનમાં રહી છે. ટોચના સુત્રોએ કહ્યુ હતુ કે આ ૮.૨૫ ટકા વીજ લોસ ઉપરાંત ગુજરાત દ્વારા કેન્દ્રીય ગીડ માં આશરે ૩.૫ ટકાની અને જેટકો ટ્રાન્સમીશનમાં ૩.૫ ટકાની ઘટ રહે છે. એટલે રાજયમાં વીજ વિતરણમાં સરેરાશ ૧૪ ટકાની ઘટ રહે છે. આમાં વીજ ચોરી, વીજ લીકેજીસ સમાવિષ્ટ છે. જે તમામ કેટેગરીમાં થાય છે,

આ ઉપરાંત હાઈપાવર ટ્રાન્સમિશનમાં એકંદરે ૧.૯૯ ટકાનુ નુકશાન થાય છે, રાજયમાં બધી વીજ લાઈનો ૬૬ કેવી કે તેથી વધુ વોલ્ટની છે જેમાં ૬૬ હજાર વોલ્ટનો કરંટ પાસ થાય છે, આને કારણે ટ્રાન્સમિશનમાં ૧.૯૯ ટકાનો વીજ લોસ થાય છે. કેન્દ્રીય વીજ મંત્રાલયે આ આંકડા જાહેર કર્યા છે. રાજયમાં સૌથી વધુ વીજ ચોરી , લીકેજીસથી નુકશાન પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના વિસ્તારોમાં થાય છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ (જીયુવીએનએલ) આ વિસ્તારોમાં વીજ વિતરણમાં થતુ મોટુ નુકશાન ઘટાડવામાં કંઈક અંશે સફળ થયુ છે. જેને કારણે ૨૦૨૨-૨૩ માં જે ટકાની ૧૮.૪૧ ટકા વીજ ઘટ આવતી હતી તેમાં ૨૦૨૪-૨૫ માં નુકશાન ૫.૬૮ ટકા ઘટયુ છે. આંધ્રપ્રદેશ, કેરળ જેવા રાજયોની તુલનાએ ગુજરાતમાં વીજ વિતરણમાં વધુ નુકશાન થાય છે એવુ આંકડા દર્શાવે છે.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા બજેટ અંતર્ગત હિંમતનગર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સંસદમાં ગઈ તારીખ ૧ ફેબ્રુઆરીને રવિવારે કેન્દ્રીય નાણાંમંત્રી એ વર્ષ ૨૦૨૬-૨૭ નુ સામાન્ય બજેટની સાથે રેલ્વે બજેટ રજુ કર્યુ હતું. ત્યારે અત્યાર સુધીના ઈતિહાસમાં રવિવારે બજેટ રજુ કરવાની ઘટના પ્રથમ હોવાનો દાવો કરીને શનિવારે યોજાયેલ બજેટ પરી સંવાદમાં જિલ્લા ભાજપના અગ્રણીઓ તથા બજેટનુ જ્ઞાન ધરાવતા બે તજજ્ઞોએ આ વરસે રજુ કરાયેલા બજેટ ભલે ફુલ ગુલાબી નથી પરંતુ વર્ષ ૨૦૪૭ સુધીનો રોડ મેપ છે તેવુ કહ્યુ હતું.




સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે બજેટની જોગવાઈઓથી જાણકાર એવા સીએ ડો. અરવિંદભાઈ દોશી અને લઘુ ઉદ્યોગના અગ્રણી પ્રફુલ કાથાવાલાએ શનિવારે યોજાયેલ બજેટ પરીસંવાદ અંતર્ગત મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે નાણાંમંત્રી નિર્મલા સીતારમણે તારીખ ૧ ફેબ્રુઆરીને રવિવારે સંસદમાં ડીઝીટલ માધ્યમથી બજેટ રજુ કર્યુ હતું. જેમાં સરકારે મહિલાઓ, ઉદ્યોગો, ખેડુત વર્ગ, નાના વેપારીઓ તેમજ આમ પ્રજાને સ્પર્શે તેવા પાસાઓના ઉત્થાન માટે કરોડો રૂપીયાની જોગવાઈ કરી છે. સામાન્ય રીતે આમ પ્રજા બજેટને ફુલ ગુલાબી માનતી નથી. તેની પાછળ તેમની વિચારસરણી જવાબદાર છે, લઘુ ઉદ્યોગના અગ્રણી પ્રફુલ કાથાવાલાએ મીડીયા સાથેની વાતચીત દરમિયાન જણાવ્યુ હતુ કે આ વખતના બજેટમાં ગુજરાતને અન્ય રાજયો સાથે જોડવા માટે જે કોરીડોર તૈયાર કરવાની વાત કરીને નાણાંની જોગવાઈ કરી છે. ત્યારે તેનો સીધો ફાયદો ગુજરાતના નાના મોટા તમામ ઉદ્યોગોને મળી શકશે. કારણ કે ઉદ્યોગોમાં તૈયાર થતા માલને અન્ય સ્થળે મોકલવા માટે ઝડપી સુવિધા મળશે,

બજેટ પરીસંવાદમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે એવો આશાવાદ વ્યકત કર્યો હતો કે આ બજેટને લઈને સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના નાના મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે. આ વખતના બજેટમાં ખાસ કરીને દરેક જિલ્લામાં મહિલા હોસ્ટેલ બનાવવાની નેમ રખાઈ છે. તેના કારણે મહિલાઓને શિક્ષણ મેળવવા માટે ઘર છોડીને અન્ય સ્થળે જવાનુ થાય ત્યારે તેમની સલામતી રહે તે માટે આવી મહિલાઓને સુવિધાયુકત સગવડો મળશે. એટલુ જ નહી પણ નોકરી કરતી મહિલાઓ માટે પણ આ મહિલા હોસ્ટેલમાં રહેવાની સગવડ મળી શકશે.

વધુમાં જણાવ્યુ હતુ કે પ્રથમ નજરે આ બજેટ ભલે આમ પ્રજાને ફાયદો કરાવે તેવુ નથી પરંતુ ખેડુતવર્ગ તથા આમ પ્રજાને ધ્યાનમાં રાખીને કરાયેલી જોગવાઈની અસરો લગભગ ૨૦ થી ૨૨ વરસ પછી જોવા મળી શકે છે. જેથી એટલુ કહી શકાય કે આ બજેટ વર્ષ ૨૦૪૭ નો રોડ મેપ છે. જેથી તેની અસરો અને પ્રગતિ જોવા માટે દેશના નાગરીકોને ધીરજ રાખવી પડશે.

# ભુજની ૩ બાળકીઓ દિલ્હી રેલ્વે સ્ટેશન એ થી મળી આવીઃ ગરીબી થી કંટાળી પૈસાદાર બનવા ઘરેથી ભાગી હતી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ભુજ થી ગુમ થયેલી ૩ બાળકીઓ દિલ્હી રેલ્વે સ્ટેશનથી મળી આવી છે. મળતી માહિતી મુજબ ત્રણેય બાળકીઓ પૈસાદાર બનવા ઘરે થી ભાગી ગઈ હતી. સમગ્ર મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે તાત્કાલીક ત્રણેય બાળકીઓને દિલ્હીથી ઝડપી લઈને ભુજ ખાતે વાલીઓને સુપ્રત કરવામાં આવી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ભુજના ભાગોળે આવેલા વિસ્તારમાં આડોશ પાડોશમાં રહેતી ૧૬ થી ૧૭ વરસની ૩ સગીરા ગઈ કાલે રવિવારે ઘરેથી જતી રહેતા પરીવારમાં દોડધામ મચી જવા પામી હતી. જેને લઈને પરીવારે સગા સંબંધીમાં પુછપરછ કરી હતી. પરંતુ શોધખોળને અંતે કોઈ ભાળ ન મળતા છેવટે ભુજ એ ડીવીજન પોલીસ સ્ટેશનમાં બાળકીઓ ગુમ થઈ હોવાની પોલીસ ફરીયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ કે ત્રણેય બાળકીઓ ટ્રેન મારફતે દિલ્હી પહોચી હતી. ૨૪ કલાક થી વધુ સમય સુધી પૈસાના અભાવે ભુખી રહ્યા બાદ એક બાળકીએ નજીકના દુકાનદારનો પેમેન્ટ માટેનો બારકોડ લઈને સગા સંબંધીઓ પાસે પૈસા તેમાં જમા કરાવવાનુ કહ્યુ હતું. આ મામલે પોલીસને જાણ થતા દુકાનદારનો સંપર્ક કરીને માહિતી મેળવવામાં આવી હતી.

સમગ્ર મામલે પોલીસે રેલ્વે પોલીસનો સંપર્ક કરી ત્રણેય બાળકીઓને મહિલા કલ્યાણ કેન્દ્રમાં મોકલી આપવામાં આવી હતી. આમ અંતે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોચીને ત્રણેય બાળકીઓને પરત લાવવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ કે ગરીબીથી કંટાળીને વધુ પૈસા કમાવવા માટે ત્રણેય બાળકીઓએ આ પ્રકરણને અંજામ આપ્યો હતો.

# શું નાણાં વિભાગ કોર્ટ થી પણ ઉપર છે? હુકમનુ પાલન નહી થાય તો સચિવો એ ખિસ્સામાંથી પૈસા ચુકવવા પડશેઃ હાઈકોર્ટનો સરકાર પર આકરો પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે રાજય સરકાર અને તેના નાણાંવિભાગની ગંભીર ઝાટકણી કાઢતા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો અદાલતના હુકમોનુ સમયસર પાલન નહી થાય તો સંબંધીત વિભાગના સચિવોએ પક્ષકારોને પોતાના ખિસ્સામાંથી પૈસા ચુકવવા પડશે.




વન વિભાગના કર્મચારીને નાણાં ચુકવવાના હુકમનો અમલ ન થતા દાખલ થયેલી કન્ટેમ્પ્ટ પીટીશનની સુચનાવણી દરમિયાન હાઈકોર્ટ આક્રોશ વ્યકત કર્યો હતો. હાઈકોર્ટે સત્તાધીશોને સવાલ કર્યો હતો કે નાણાં વિભાગના સત્તાધીશોને બે મહિનાથી વધુ સમય આપવા છતાં હુકમનુ પાલન કેમ નથી કરાયુ? શું નાણાં વિભાગ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ થી પણ ઉપર છે? જો હુકમ સામે કોઈ સ્ટે નથી, તો અમલ કેમ નથી થયો? કેમ નાણાં વિભાગના સેક્રેટરીને જેલમાં ન મોકલવા? અદાલતે વધુમાં ઉમેર્યુ કે ૧૦૦ માં થી માત્ર ૧૦ કિસ્સામાં જ હુકમોનુ પાલન થાય છે. જયારે ૯૦ ટકા કેસોમાં સરકાર નિષ્ક્રિય રહે છે. જે હવે ચલાવી લેવામાં આવશે નહી.

આ કેસમાં નાણાં વિભાગના સેક્રેટરી સંદિપકુમાર અને વનવિભાગ ના સચિવ સહિતના અધિકારીઓએ વર્ચ્યુઅલી હાજર રહ્યા હતા. વિભાગીય પ્રક્રિયામાં વિલંબ થતો હોવાનો બચાવ સચિવો દ્વારા કરાતા કોર્ટે તેને ફગાવી દીધો હતો.

કોર્ટે જણાવ્યુ હતુ કે આ તમારો આંતરીક મામલો છે. એવુ ફ્રેમવર્ક બનાવો કે જેથી હાઈકોર્ટના હુકમોનુ ચુસ્તતાપુર્વક અને નિયત સમય મર્યાદામા પાલન થાય અદાલત પાસે અન્ય અનેક ન્યાયીક કાર્યો છે, વારંવાર એક જ વખતે સુનાવણી કરીને કિમતી સમય વેડફી શકાય નહી, અદાલતે નિર્દોષ અરજદારોની હાલાકી અંગે સંવેદનશીલતા દર્શાવતા કહ્યુ કે જો સરકાર સમયસર હુકમનુ પાલન કરે તો સામાન્ય માણસે ગાંઠના પૈસા ખર્ચીને ખાનગી વકીલો રોકવા ન પડે અને ન્યાય મેળવવા માટે અદાલતોમાં ધકકા ન ખાવા પડે, સરકારી અધિકારીઓને ખબર પડવી જોઈએ કે લોકો કેવા હેરાન થાય છે.

અંતમાં હાઈકોર્ટે કડક વલણ અપનાવતા કહ્યુ કે હવે બચાવના બહાને ચાલશે નહી, જો હુકમોને પ્રાથમિકતા આપીને અમલ નહી કરાય તો કસુરવાર અધિકારીઓ સામે ચાર્જ ફ્રેમ કરવામાં આવશે અને સચિવોએ રૂબરૂ હાજર રહીને જવાબ આપવો પડશે. હવે હાઈકોર્ટ હુકમ કરશે અને તમારે દોડીને કામ કરવુ પડશે આ તમારો દોડવાનો સમય છે. તેવી માર્મિક ટકોર પણ અદાલતે કરી હતી.

# સુરતમાંથી નકલી બોગસ ઈન્કમટેક્ષ ઓફીસર ઝડપાયો : ફાઈલ કલોઝ કરવા વેપારી પાસેથી માંગ્યા હતા રૂ.૪ લાખ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં નકલી ની બોલબાલા વધી ગઈ છે. નકલી કોર્ટ, શાકભાજી, કોસમેટિકસનો સામન, સરકારી કચેરીઓ બાદ હવે નકલી ઈન્કમટેક્ષ ઓફીસરો પણ હવે ઝડપાઈ રહ્યા છે.




સુરતમાંથી પોલીસે નકલી બોગસ ઈન્કમટેક્ષ ઓફીસરને ઝડપી લીધો છે, કાપડના વેપારીને આઈટી અધિકારી હોવાની ઓળખ આપી ફાઈલ કલોઝ કરવાના નામે ૪ લાખ રૂપીયાની માંગણી કરી હતી. ત્યારબાદ પોલીસને જાણ કરાતા આરોપી શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. સુરતના વરાછા પોલીસે નકલી ઈન્કમટેક્ષ ઓફીસર ઝડપી લીધો છે. વરાછા ગ્લોબલ માર્કેટમાં આશાપુરા ફેશન નામની કાપડની દુકાનના વેપારીને વિજયસિંહ ચૌહાણ નામના શખ્સે ઈન્કમટેક્ષ ઓફીસર હોવાની ઓળખ આપી હતી. તેમજ ફાઈલ કલોઝ કરવાના નામે રૂપીયા ૪ લાખ માંગ્યા હતા. જો કે વેપારીએ તેની પાસે ઓળખ કાર્ડ માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. ત્યારબાદ વેપારીને શંકા જતા અંતે પોલીસને જાણ કરાતા પોલીસે આ નકલી ઈન્કમટેક્ષ ઓફીસરને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં કેટલાક ખુલાસા બહાર આવવાની શકયતા છે.

### ત્રણ વાર તલાક બોલવું ભારે પડ્યું

# વલસાડમાં પતિને પોલીસે કરાવ્યું કાયદાનું ભાન, જેલમાં મોકલ્યો

## વર્ષ ૨૦૧૯મા ત્રિપલ તલાક કાયદો આવ્યો હતોઃ હવે આ કાયદા હેઠળ વલસાડમાં ઐતિહાસિક કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

વલસાડ જિલ્લામાં મહિલાઓના સન્માન અને અધિકારની રક્ષા માટે પોલીસે કાયદાનું એક એવું શસ્ત્ર ઉગામ્યું છે, જે અન્યાય કરનારાઓ માટે લાલબત્તી સમાન છે...વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવાયેલા 'ત્રિપલ તલાક' વિરોધી કાયદા હેઠળ વલસાડ જિલ્લામાં સૌપ્રથમવાર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વલસાડ જિલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર કાયદાનું એક એવું શસ્ત્ર ચલાવવામાં આવ્યું છે, જે મહિલાઓના અધિકારો માટે માઈલસ્ટોન સાબિત થશે,,જે પતિ એમ માનતા હતા કે તેઓ ત્રણ વાર તલાક બોલીને પત્નીને તરછોડી દેશે અને બચી જશે, તેમના માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે...વલસાડ પોલીસે ૨૦૧૯ના ટ્રિપલ તલાક વિરોધી કાયદા હેઠળ જિલ્લાનો પહેલો ગુનો નોંધીને અત્યાચારી પતિને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે...

શું હતો સમગ્ર મામલો : હુમેરાબેનના નિકાહ ૨૦૧૯માં સુરતના ફરહાદ ખાન સાથે થયા. બે સંતાનો સાથે સંસાર સુખેથી ચાલતો હતો. છેલ્લા ચાર મહિનાથી પતિના મગજમાં શંકાનું ભૂત સવાર થયું. પત્નીના ચરિત્ર પર શંકા કરી ત્રાસ આપવાનું શરૂ કર્યું. કંટાળીને હુમેરાબેન પિયર વલસાડ આવી ગયા. સગા-સંબંધીઓની હાજરીમાં પતિએ પત્નીને અપમાનિત કરી. આવેશમાં આવીને ત્રણ વાર તલાક કહી દીધા.

તેને લાગ્યું કે આ જૂની પદ્ધતિથી છુટકારો મળી જશે, પણ વલસાડ સિટી પોલીસે તેને કાયદાનું ભાન કરાવ્યું. પોલીસે મુસ્લિમ મહિલા લગ્ન અધિકાર અધિનિયમ ૨૦૧૯ હેઠળ ગુનો નોંધી આરોપી ફરહાદની તાત્કાલિક ધરપકડ કરી હતી. વલસાડ જિલ્લામાં આ કાયદા હેઠળ નોંધાયેલો આ પ્રથમ ગુનો છે. આ કેસ એવા લોકો માટે મોટી ચેતવણી છે જેઓ હજુ પણ સ્ત્રીને પગરખાની ઠોકર સમજે છે..વલસાડ પોલીસે આ કાર્યવાહી દ્વારા સમાજમાં દાખલો બેસાડ્યો છે કે સ્ત્રીના સન્માન અને હક સાથે રમત કરનારને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં..

### UGCના નવા નિયમો અને ઘૂસખોર પંડિત ફિલ્મ સામે લડત

# હવે બ્રહ્મ સમાજ પણ નક્કી કરશે સામાજિક બંધારણ

## ગાંધીનગર ખાતે બ્રહ્મ સમાજની બેઠક મળી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગર ખાતે આજે બ્રહ્મ સમાજની બેઠક મળી હતી. આ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. અન્ય સમાજોની જેમ બ્રાહ્મણ સમાજ પણ હવે સામાજિક બંધારણ નક્કી કરવા તરફ આગળ વધશે. બંધારણ ઘડવા માટે સમગ્ર ગુજરાતના બ્રાહ્મણો પાસેથી સૂચનો મંગાવવામાં આવશે. આગામી સમયમાં મળનારી વાર્ષિક સામાન્ય સભામાં બંધારણ નક્કી કરવામાં આવશે.

ગાંધીનગરમાં બ્રાહ્મણ સમાજની બેઠકમાં યુજીસીના નવા નિયમ અને ફિલ્મ ઘુસખોર પંડિતના વિરોધ મુદ્દે પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

બ્રહ્મ સમાજની બેઠકમાં જણાવવામાં આવ્યું કે સરકારી નિર્ણય અને પરિપત્રમાં બ્રહ્મ સમાજ અને અન્ય સવર્ણ સમાજને ટાર્ગેટ કરવામાં આવશે. બેઠકમાં સરકારના વાંધાજનક પરિપત્ર અને નિયમો સામે લડાઈ લડવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત બ્રહ્મ સમાજની બેઠકમાં યુજીસીના નવા નિયમો સામે લડત ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે, ત્યાં સુધી આંદોલનાત્મક કાર્યક્રમો યોજાશે નહીં. બીજી તરફ ફિલ્મ ઘુસખોર પંડિત સામે પણ આંદોલન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બેઠકમાં આરોપ લગાવવામાં આવ્યો કે આ ફિલ્મ દ્વારા બ્રાહ્મણોને નીચા દેખાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# ઊંઝાના ગોડાઉનમાંથી ૨૦ દિવસમાં ૩ કરોડનું જીરું ગાયબ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

ઉત્તર ગુજરાતના મસાલા સિટી ગણાતા ઊંઝામાં એક વેપારીઓના ગોડાઉનમાંથી લાખો નહીં પણ કરોડો રૂપિયાના જીરાની ચોરી થઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જે મામલે પોલીસે હાલ આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે અને આખા પ્રકરણની તપાસમાં હાલ જે તથ્યો સામે આવી રહ્યા છે, તેને જાણીને ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી છે. કારણ કે આ ચોરીના કેસમાં આખી ગેંગ સામેલ હોવાની તથા તેમાં એક વકીલની સંડોવણી હોવાની પણ ચોંકાવનારી માહિતી હાલ સામે આવી છે.

ઘટનાની વિગતે વાત કરીએ તો, મહેસાણા ઊંઝાના ઉનાવા પાસે આવેલી ડીસન્ટ હોટલની પાછળ ખોડીયાર એસ્ટેટ આવેલી છે. અહીં વેપારી રીતેશ શેઠ અને અરવિંદકુમાર શેઠના ગોડાઉન આવેલા છે. જ્યાં ગત ૧૨ ડિસેમ્બર ૨૦૨૫થી ૨ જાન્યુઆરી ૨૦૨૬ના સમયગાળા દરમિયાન તસ્કરોએ મસમોટી ચોરીને અંજામ આપ્યો હતો. રાત્રિના અંધારામાં તસ્કરોએ વેરહાઉસ નં. ૧૩, ૧૪ અને ૧૫ના તાળા તોડ્યા હતા અને અંદરથી એક-બે નહીં પણ હજારોની સંખ્યામાં જીરાની બોરીઓ ગાયબ કરી નાખી હતી.

બાદમાં આ ચોરીનો કેસ પોલીસ સ્ટેશને પહોંચ્યો અને ચોરીનો આંકડો સાંભળીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કેમ કે ગણતરી કરતા કુલ ૩ કરોડ ૨ લાખ ૨૮ હજાર રૂપિયાના જીરાની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું! જે મામલે મહેસાણા LCB અને પોલીસની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ગુનેગારો ચાલાક હતા, પણ પોલીસ તેમનાથી એક ડગલું આગળ હતી.

તપાસ દરમિયાન પોલીસે સીસીટીવી ફૂટેજ ખંગાળ્યા હતા, જેમાં એક શંકાસ્પદ ટ્રક નજરે પડી હતી. બાદમાં આ ટ્રક નંબરના આધારે ડ્રાઈવર સુધી પોલીસ પહોંચી અને ત્યારબાદ શરૂ થયો ટેકનિકલ સર્વેલન્સનો દોર. મોબાઈલ ટાવર લોકેશન અને કોલ ડિટેઈલ્સ (CDR) તપાસતા એક નંબર શંકાના દાયરામાં આવ્યો. આ નંબર હતો આરોપી વજાહત ખાનનો, જે ચોરી વાળી રાત્રે ઘટનાસ્થળે જ હાજર હતો. બસ, અહીંથી જ પોલીસને સફળતાની ચાવી મળી. બાદમાં પોલીસે તપાસ દરમિયાન આ કેસમાં ૫ આરોપીઓની ધરપકડ કરી અને જ્યારે આરોપીઓના નામ અને પ્રોફાઈલ સામે આવ્યા ત્યારે સૌ દંગ રહી ગયા. મુખ્ય આરોપીઓ પૈકી એક છે મેમણ મહંમદઈક્રામ, જેણે LL.B.નો અભ્યાસ કરેલો છે અને વકીલાત કરે છે! ત્યારે કાયદાનો રક્ષક જ ભક્ષક બન્યો હોવાની વિગતો સામે આવતા પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી. ત્યારે આ વકીલ વિરુદ્ધ અગાઉ વડોદરામાં અપહરણનો ગુનો પણ નોંધાયેલો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

આ તરફ બીજા આરોપી સાદીક મેમણ વિરુદ્ધ હાલોલમાં બળાત્કારનો ગુનો નોંધાયેલો છે. આ બંને આરોપીઓએ ટોળકીએ સાથે મળીને ચોરી કરેલું કરોડોનું જીરું ડીસા અને ઊંઝા ગંજ બજારમાં વેચી માર્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી રિમાન્ડ દરમિયાન રોકડ રકમ રૂ. ૪૬,૬૫,૦૦૦ અને જીરાની ૧૧૦ બોરીઓ (કિંમત રૂ. ૧૧,૫૦,૦૦૦) એમ મળીને કુલ ૫૮ લાખથી વધુનો મુદ્દામાલ રિકવર કર્યો છે. મહેસાણા પોલીસે આ હાઈ-પ્રોફાઈલ ચોરીનો ભેદ ઉકેલીને ૫ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. જોકે, શાહનવાજ ઉર્ફે ટીપુ અને ઈમરાન જમીલ જેવા આરોપીઓ હજુ વોન્ટેડ છે. આ ઘટના સાબિત કરે છે કે ગુનેગાર ગમે તેટલો ભણેલો કે શાતિર હોય, કાયદાના લાંબા હાથથી બચી શકતો નથી.

### કોંગ્રેસના કાર્યકરોએ કરી તોડફોડ

# રાજકોટમાં હું નથુરામ ગોડસે નાટકનો જોરદાર વિરોધ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરમાં આવેલા હેમુ ગઢવી હોલમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા ધમાલ મચાવવામાં આવી છે.

હેમ ગઢવી હોલમાં આજે હું નથુરામ નાટક ભજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ નાટક શરૂ થાય તે પહેલા કોંગ્રેસના કાર્યકરો પહોંચી ગયા હતા, અને સેટમાં તોડફોડ કરી હતી. કોંગ્રેસ કાર્યકરોએ ભારે વિરોધ નોંધાવતા પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. રાજકોટના હેમુ ગઢવી હોલમાં હું નથુરામ ગોડસે નાટક શરૂ થાય તે પહેલા જોરદાર વિરોધ જોવા મળ્યો હતો. રાજકોટ શહેર કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓએ હેમુ ગઢવી હોલમાં પહોંચી તોડફોડ કરી હતી. કોંગ્રેસના કાર્યકરોએ કહ્યું કે આ નાટક દ્વારા નથુરામ ગોડસેને હીરો બનાવવાનો પ્રયાસ કરી રહેવામાં આવી રહ્યો છે. રાજકોટના હેમુ ગઢવી હોલમાં કોંગ્રેસના વિરોધ વચ્ચે પોલીસ પહોંચી હતી અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આ અંગે વાત કરતા નાટકના નિર્માતા સેજલ પેન્ટરે કહ્યુ કે, જે લોકો પોતાને ગાંધીવાદી ગણાવે છે તેઓ હિંસા પર કેમ ઉતરી આવ્યા છે. તેમણે કહ્યું કે નાટક જોયા વગર વિરોધ કરવામાં આવી રહ્યો છે. નાયકના નિર્માતાએ કહ્યું કે, આ નાટકમાં કોઈને ઊંચા કે નીચા દેખાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો નથી.